3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

ખબર પત્રિકા

પાના ૩૬

સૂર્યોદય - ૦૬.૩૭.૧૧
સંવત - ૨૦૮૨
ચૈત્ર સુદ - ૧૨, રવિવાર
તા. ૨૯-૦૩-૨૦૨૬
સૂર્યાસ્ત - ૦૬.૫૦.૦૩

વર્ષ-૬ • અંક-૩૬૬ • સળંગ અંક - ૨૩૬૬ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. મો. ૮૧૦૪૨૦૯૩૯૨ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

મોટા લાયજા ના **આશિષ ભોગીલાલ કુરીયા (શાહ)** (ઉ. ૫૪) તા. ૨૬-૩-૨૬ ના હાર્ટ એટેકથી અવસાન પામેલ છે. નનીબાઈ ડુંગરશી ના પરપૌત્ર. મણીબેન મણીલાલ ડુંગરશીના પૌત્ર. શાંતા ભોગીલાલ ના પુત્ર. ડુમરા જીગ્રા તેજસ કારાણી ના ભાઈ. પ્રિયલ ના મામા. રાયણના જીત નયન સાવલા ના ભાવિ મામાઈ સસરા. ચંદ્રિકા મહેન્દ્ર, અરૂણા નિતીન, ઉનડોઠ ના પ્રેમીલા કેશવજી દેઢિયા ના ભત્રીજા. લાખાપુરના લક્ષ્મીબેન માવજી, જવેરબેન નાનજી ગાલા ના દોહિત્ર. સ્વ. નીલમ, સરલા કિર્તી, શીલા સંજય, રીના વિજય, રૂપા જીતેન્દ્ર ના ભાણેજ. અર્પીતા, ધૈર્ય, જૈની, પ્રણવ, નીલેશ, અલ્પા, પાયલ, અવની, ગૌરવ, હાર્દિક, સ્વ. કરણ, હિરલ, શેફાલી ના ભાઈ. ડુમરાના સુશીલાબેન હીરજી કારાણીના વેવાઈ. **પ્રાર્થનાઃ તા. ૨૯-૩-૨૬, ટા. ૪ થી ૫.૩૦ સ્થળ : જીવરાજ ભાણજી હોલ, મુલુંડ (વે).** નિ. ભોગીલાલ શાહ, ૫/૧૭, અરિહંત કૃપા, વી.પી. રોડ, મુલુંડ (વે), મું. ૮૦. ભોગીલાલ - ૯૧૪૬૨૬૫૫૫૨, જીગ્રા - ૯૬૬૨૩૩૭૯૦૫

4/1/1 -------- (1-1)

ડુમરાના **અ.સૌ. નવલબેન લહેરચંદ શાહનંદ** (ઉ. ૭૦) તા. ૨૬-૩નાં અવસાન પામ્યા છે. માતુશ્રી ભાણબાઈ દેવજી લખમશી શાહનંદ ના પૌત્ર વધુ, પાનબાઈ વેરશીના પુત્રવધુ. અશ્વિન વિરલના માતુશ્રી. રજનીકાંત, સણોસરાના દમયંતી લખમશી ના ભાઈના ઘરેથી, કસ્તુર બેન ના દેરાણી, ભોજાય રતનબેન ભાણજી મારું ના પૌત્રી, કેસરબેન ખીમજી ભાણજી ના પુત્રી, સોનબાઈ લાલજી મારુ, કોટડા રોહા પાનબાઈ કોરશીના ભત્રીજી, કોટડી ખેતબાઈ દેવરાજ ખીમજી ગાલા ના દોહિત્રી, રિચા ધવલ, રાયધણજર દર્શના કૌશિક જવેરચંદ, ભોજાય નમ્રતા દીપક ધીરજલાલ ના કાકી, આરવી, નક્ષ, વંશિકા, ભૂમિ, અનવ ના કાકીમાં ડુમરા સાકરબેન લક્ષ્મીચંદ દેવજી (LD SHAH) મંજલ રેલડિયા હીરબાઈ ખીંયશી, ચાંગડાઈ સુંદરબાઈ મુરજી, ચીયાસર પૂરબાઈ મેગજી ના ભત્રીજા વહુ. ડુમરા વિમળા શાંતિલાલ કારાણી, કોટડા રોહા ના મંજુલા અરવિંદ દેઢીયા, રાયધણજર ઉષા હસમુખ ગડા, કલ્પના મોહન ગડા, શેરડી ચંદન તારાચંદ નાગડા, વંદના લક્ષ્મીકાંત કારાણીના બેન, ભોજાય વંદના દિનેશ લાલજી મારુના કાકાઈ બેન. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. લહેરચંદ શાહનંદ, શિવાલય બી ૨૦૫, સી.એસ. રોડ, નંબર -૨, દહીસર ઈ મું. ૬૮. અશ્વિન-૯૯૮૭૮૨૨૭૧૮, વિરલ-૯૮૯૨૨૫૦૨૨૦, રજનીકાંત-૮૮૫૦૦૦૭૪૧૧.

4/1/1 -------- (1-2)

કોટડી મહાદેવપુરી હાલે ડોંબીવલીનાં **બા.બ્ર. મણીલાલ શામજી નાગડા** (ઉ.વ. ૭૨) તા. ૨૬-૩-૨૬ના ટુંકી માંદગીથી અરિહંત શરણ પામેલ છે. લક્ષ્મીબેન ભાણજી નથુના પૌત્ર. કેસરબેન શામજી ભાણજીના પુત્ર. દેવપુર રાજબાઈ વેલજી પાલણના દોહીત્ર. કંકુબાઈ હંસરાજના ભાણેજ. મંજુલા-ધનવંતી, લક્ષ્મીબેન, પુષ્પાબેન, જગદીશ, જયંતી, વાસંતીબેનના મોટા ભાઈ. કોટડા રોહા હેમરાજ મેઘજી, દિનેશ પ્રેમજી, ધનજી મુરજી, મોટી રાયણ પરેશ નાનજીના સાલ. કોટડી મહાદેવપુરીના પાનબાઈ કાનજી, ઉમરબાઈ નાગજીના કાકાઈ પૌત્ર. મનન, કલ્પેશ, વિશાલ, ભાવના લિતેશ, પુનમ હર્ષિત જયશ્રી શૈલેષ, નેહલ સચીન, ડીમ્પલ, હર્ષલ નિગમ અને વિરતીના મામા. કોટડી મહા. ઉમેશ લીલાધર, જયંતીલાલ, જીતેન્દ્ર, ધીરજ, રાજેશ મેઘજી, સુનીલ, ભાવેશ રતનશી, અશ્વિન, લક્ષ્મીચંદ વલ્લભજીના કાકાઈ ભાઈ. **ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી.** ઠે. વાસંતી પરેશ સાવલા, એ-૨૦૩, શિવ ઓમ શક્તિ સોસાયટી, શિવમંદર રોડ, ડોંબીવલી (ઈસ્ટ). ૪૨૧૨૦૧. વાસંતી-૯૮૧૯૪૭૫૮૬૦, પરેશ-૯૬૧૯૬૭૩૬૪૬, લક્ષ્મીબેન-૮૪૩૩૫૭૬૬૯૬.

4/1/1 -------- (1-3)

દેવપુરના **રમીલાબેન કાંતિલાલ નિસર** (ઉ.વ. ૭૫) તા. ૨૫-૩-૨૦૨૬ ના અવસાન પામેલ છે. લીલબાઈ આસુ ના પૌત્રવધુ. મમીબાઈ ભાણજી ના પુત્રવધુ. સ્વ. કાંતિલાલના પત્ની. મનિષ, દિપેન, મીનલ, પ્રિતી ના માતુશ્રી. પ્રિતી, અલ્પા, નરેડીના હર્ષલ જયંતિલાલ ના સાસુ. મનન, જશ, સ્મૃતિ ના દાદી. સ્મિત, કેવલ ના નાની. વિસનજી, વેલબાઈ (કેસરબેન), કસ્તુરબેન ના ભાભી. પ્રેમિલાબેનના જેઠાણી. ગઢશીશાના દામજી ખીમજી, દેવપુરના મેઘજી પ્રેમજી ના સાળાવેલી. શેરડીના કેસરબેન લીલાધર મારૂ ના સુપુત્રી. હેમત, શૈલેષ, પ્રેમીલા, રક્ષા (સીતા) ના બેન. ભારતી, આશા ના નણંદ. નાના રતડીયાના દેવચંદ ખીમજી, માપરના કાંતિલાલ કેશવજી ના સાળી. નરેડીના કસ્તુરબેન નાનજી (દાદા), વિમલાબેન જયંતીલાલ, નાગ્રેચાના હિરામણીબેન લક્ષ્મીચંદના વેવાણ. **પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ૪ થી ૫.૩૦.** નિ. કાંતિલાલ નિસર, એ/૭૦૪, સિધ્ધી એન્કલેવ, નંદા પાટકર રોડ, વિલેપાર્લા (ઈ), મું. ૫૭. મનિષ-૯૮૨૧૦૯૯૯૯૬, દિપેન-૯૮૨૦૩૫૯૫૭૭.

4/1/1 -------- (1-4)

॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥
નવનીતહાઈટેકહોસ્પીટલદહીંસર-૯૮૨૧૮૧૫૦૦૨,૯૮૩૩૯૩૧૧૫૧



નરેડીના **દેવકાબેન મણશી નાગડા** (ઉં.વ. ૮૬) તા. ૨૬/૩ ના અરિહંતશરણ પામ્યા છે. રાણબાઈ મુરજીના પુત્રવધુ. કોટડા-રોહા ખેતબાઈ નેણશીના સુપુત્રી. મણશીના પત્ની. નિર્મળા, કલ્પના, મીના, જયશ્રીના માતુશ્રી. દેવજી, કલ્યાણજીના ભાઈપત્ની. ખેતબાઈ, કુંવરબાઈના દેરાણી. દેવપુર વેલબાઈ દેવજી, કસ્તુરબેન આસુ, નાથબાઈ પ્રેમજી, હિરબાઈ લાલજીના ભાભી. મણી, ધીરજ, પ્રબોધ, વીણા, ધનવંતી, હેમલતા, ઝવેરબેન, કસ્તુરબેન, હિનાના કાકી. માપરના રાજેન્દ્ર પ્રેમજી, વડાલા ચેતન પ્રેમજી, દેવપુરના કિરણ ભવાનજી, સાવરકુંડલા જયેશ ગાંધીના સાસુ. વિરલ, તનય, કિંજલ, યશેશ, જેનિલ, માનસી, વિધીના નાની. દેવાંશ, દિક્ષાના નાની સાસુ. દેવપુર રાણબાઈ મણશીના દોહીત્રી. લાલજી, કાનજીના ભાણેજી. કોટડા-રો. ખીમજી, રવજી, પચાણ નાગશી, ડુમરા જેતબાઈ ભુલા, મોથારા ભચીબાઈ કુંવરજી, તેજબાઈ શામજીના ભત્રીજી. કોટડા-રો. રાજપાર, રતનશી, મણીલાલ, નરેડી મણીબેન રતીલાલ, વરંડી મંજુલા મગનના બેન. લીલાવંતી, રૂક્ષ્મણી, લતાના નણંદ. માપરના પ્રેમજી માલસી, વડાલા પ્રેમજી લાલજી, દેવપુર ભવાનજી મેઘજી, સાવરકુંડલા હિંમતલાલ ગાંધીના વેવાણ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. રાજેન્દ્ર ગાલા : અ/૩૦૧, નિધી રેસીડેન્સી, H®®.M.P. સ્કુલની બાજુમાં, દહાણું (વે.), જી. પાલઘર-૪૦૧૬૦૨. રાજેશ-મો. ૯૮૨૩૪૦૬૯૬૭.

4/1/1 -------- (1-5)

ડેપા / દહિસરના અનશન વ્રતધારી 'વેલુમા'

ગામ ડેપાના માતુશ્રી વેલબાઈ ખીમજી (મઠુબાપા) વીરજી સાવલાએ શ્રાવક જીવનના ત્રીજા મનોરથ (સંથારો) આદરેલ છે. આજે તા. ૨૯/૩/૨૦૨૬ના ૧૪મો ઉપવાસ છે. એમના મોક્ષ માર્ગની યાત્રા નિર્વિઘ્ન પુર્ણ થાય એવી પ્રભુ પ્રાર્થના. દર્શનનો સમય સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે, સાંજે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે. સરનામું : મેહુલ સાવલા, ૫૦૩, શંકર નિવાસ, દહીસર વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે, સ્વામી સમર્થ સ્વીટ માર્ટની ગલીમાં, મંગેશ સાવંત માર્ગ, દહિસર વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૮. સંપર્ક : તારાચંદભાઈ સાવલા : 9890595677, મેહુલ સાવલા : 9096323776.

2/1/1(42) -------- (A-24810)(1-5)

શ્રી મેરાઉ ગામે શ્રી ધણી ગોરી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના શુભ દિવસો તારીખ ૧૧/૫/૨૬ થી તારીખ ૧૪/૫/૨૬. નવનિર્મિત ધણી ગોરી મંદિરે કૂપનોથી લક્કી ડ્રો દ્વારા ચડાવા લેવાની રૂપરેખા.

● આ કૂપન નો લાભ સમસ્ત મેરાઉ ગામવાસીઓ તથા નિયાણી બહેનો અને ગાલા ભાવિકો તથા નિયાણી બહેનો લઈ શકશે.

● ૧૧૦૦૦ રૂપિયાનું એક કુપન નો ડ્રો થશે અને ૫૦૦૦ રૂપિયા ના ત્રણ કુપનના ડ્રો થશે.જે ભાગ્યશાળીઓને લક્કી ડ્રોમાં નામ આવશે તેમને ચડાવવાનો લાભ મળશે.

● ૧૧૦૦૦ રૂપિયાના કુપનના લક્કી ડ્રોમાં જે ભાગ્યશાળીનું નામ આવશે એ પરિવારને નગર યાત્રામાં ધણીબાવાની નવી પ્રતિમા લઈને રથમાં બેસવાનો સુવર્ણ લાભ મળશે. ૫૦૦૦ રૂપિયાના કૂપન માં જે ત્રણ ભાગ્યશાળી ના નામ આવશે તેમાંથી એક ભાગ્યશાળીને નગર યાત્રામાં ધણીબાવાની નવી પ્રતિમાના રથના સારથી બનવાનો લાભ, એક ભાગ્યશાળી ને નગર યાત્રામાં દૂધ પાણીની ધારાવહી કરવાનો લાભઅને એક ભાગ્યશાળીને યજ્ઞ મંડપમાં ધણીબાવાની નવી પ્રતિમાને પ્રવેશ દ્વારે પોખણાનો લાભ મળશે.

● નોંધ : મેરાઉ સ્થાને નમતા ગાલા ભાવિકોના અન્ય ચડાવાની રૂપરેખાઓ વોટસએપ ગ્રુપમાં જાણ કરવામાં આવશે. કુપન તારીખ ૧૦/૪/૨૬ સુધી નીચે આપેલા સેન્ટર પરથી મેળવી લેવા વિનંતી.

● કુપન મેળવવાના સેન્ટર : ૧) દાદર વેસ્ટ સંજય હરિલાલ સંઘોઈ મોબાઈલ નંબર-૯૮૬૭૭૨૬૯૦૮.

● ૨) ભાત બજાર : હિતેન્દ્ર ટોકરશી વીરા મોબાઈલ નંબર-૯૮૧૯૦૪૧૦૦૫

● ૩) ક્રાફટ માર્કેટ : મુકેશ મોરારજી ગાલા મોબાઈલ નંબર-૯૮૨૦૫૫૮૭૧૧.

● ૪) માટુંગા સેન્ટ્રલ : હસમુખ વશનજી દેઢીયા : મોબાઈલ નંબર-૯૮૧૯૧૬૬૫૩૬,

● (૫) ડોંબીવલી (ઈસ્ટ) ભાવેશ દામજી ગાલા : મોબાઈલ નંબર-૯૫૯૪૩૪૦૨૮૩

● (૬) થાણા (વેસ્ટ) હીતેન્દ્ર લક્ષ્મીચંદ ગાલા : મોબાઈલ નંબર-૯૮૧૯૪૬૩૩૯૬. લિ. શ્રી ધણી ગોરી વિશલ માતા મંદિર સમિતિ મેરાઉ.

4/1/1(13) -------- **(A-24746)(2-1)**

શ્રી કચ્છ વડાલા આઠ કોટી નાની પક્ષ સ્થા. જૈન સંઘ

પરમ પૂજ્ય આચાર્ય શ્રી મુલચંદજી સ્વામી તથા પદવીધર મહાસતીજી નીનાબાઈ સ્વામી ની અસીમ કૃપા અને આપણા સંઘના પુણ્યોદયે આપણ ને તા.૦૩.૦૬.૨૦૨૬ થી તા.૧૬.૦૬૨૦૨૬ સુધી પ.પૂ.આચાર્ય શ્રી મુલચંદજી સ્વામી, પ.પૂ. શ્રી રોહનજી સ્વામી,પ.પૂ.શ્રી મનસુખજી સ્વામી, પ.પૂ.શ્રી જેનિલજી સ્વામી આદિ ઠાણા-૪ નો જોગ રહેશે.

● દરેક શ્રાવક અને શ્રાવિકાઓ અને નિયાણી બહેનોએ પોતાની અનુકૂળતા મુજબ સહપરિવાર સ્થાનિકે પહોંચીને દર્શન.વંદન.વ્યાખ્યાન વાણી તથા ગોચરી પાણી નો લાભલેવા વિનંતી.

● પૂજ્ય આચાર્યશ્રી ના અમુલ્ય જોગ માં લાભ લેવા સર્વે ને મંગલ આમંત્રણ.

● લી. શ્રી કચ્છ વડાલા આઠ કોટી નાની પક્ષ સ્થા.જૈન સંઘ ના સંઘપતિ લાલચંદ પોપટલાલ ગોગરી. ૮૩૬૯૫૧૫૩૧૨.

4/1/1(29) -------- **(A-24789)(2-2)**

।। શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથાય નમો નમઃ ।।

।। અચલગચ્છ શણગાર શ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસાગરસૂરિ ગુરૂભ્યો નમઃ ।।

શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

ચૈત્ર સુદ-પૂનમ - બુધવાર, તા. ૦૧/૦૪/૨૦૨૬

પૂનમનાં દિવસે સિધ્ધાચલ પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસમણા

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તિર્થે શ્રી ઘાટકોપર કચ્છી જૈન શ્વેતાંબર મૂ.પૂ. સંઘનાં પ્રાંગણે અચલગચ્છાધિપતિ શ્રી પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી કુશલયોગક્ષેમકર્તા પ.પૂ.સા. શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા. શ્રી જીનાગમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં જીરાવલ્લા દાદાના દર્શન-સેવા-પૂજા કરી પ.પૂ. ગુરૂ ભગવંતોનાં દર્શન-વંદન કરી પ્રભાવનાનો લાભ લેવા વિનંતી.

પૂજ્ય ગુરૂ ભગવંતોની નિશ્રામાં - ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીનો છેલ્લો દિવસ ચૈત્ર સુદ-પૂનમ-વ્યાખ્યાન-વીરવાણી બાદ સિધ્ધાચલ પટ્ટ સમક્ષ ૧૦૮ ખમાસમણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

પૂનમનાં દિવસે પ્રભાવના અને વ્યાખ્યાન-વીરવાણી-૧૦૮ ખમાસમણા બાદની પ્રભાવનાનો લાભ

માતુશ્રી કુમુદબેન મુલચંદ મારૂ (ફરાદી-ઘાટકોપર)

હસ્તે : ડો. દેશના પીંકી ભાવેશ મારૂ, પદ્મી કુમુદ મુલચંદ મારૂ

લાભાર્થી પરિવારની ખુબ ખુબ અનુમોદના...

પૂનમનાં દિવસે શ્રાવકો માટે રાઈ પ્રતિક્રમણ સવારનાં ૬.૩૦ વાગ્યે અને સાંજે પખ્ખી પ્રતિક્રમણ ૬.૩૦ વાગ્યે રહેશે...

શ્રી સકળ સંઘનાં શ્રાવકો-શ્રાવિકાઓએ સમયસર બહોળી સંખ્યામાં પધારવા વિનંતી

જય જીરાવલ્લા | લિ. માનદ્ મંત્રીઓ | જય જીરાવલ્લા

ટ્રેકીંગ ન્યુઝ મુલુંડ ક.વી.ઓ. ટ્રેકીંગ યુનીટ

● ૧૫ વર્ષની ઉપરનાં માટે સમર/હીમાલયન કેમ્પ/ટ્રેક.

● ડોડીતાલ ટ્રેક વીથ ધારવા ટોપ (ઉત્તરાખંડ) ૧૨૬૦૦ ફીટ તા. ૨૦-૪ થી ૨૮-૪ એ.સી. ટ્રેન સાથે રીવર રાફ્ટીંગ ચાર્જ ૨૫૦૦૦/- જુજ સીટ બાકી.

● ૧૧ થી ૧૫ વર્ષ માટે :

● આબુ કેમ્પ : તા. ૧-૫ થી ૬-૫ આવવા-જવાનું એ.સી. ટ્રેન દ્વારા પ્રવાસ રૂા. ૧૦,૫૦૦/-

● નૈનીતાલ (ઉત્તરાખંડ) તા. ૧૦-૫-૨૬ થી ૧૯-૫-૨૬. એ.સી. ટ્રેન/એ.સી. બસ. ચાર્જ ૧૯૦૦૦/-

● મનાલી કેમ્પ (હીમાલય) તા. ૧૭-૫-૨૬ થી ૨૬-૫-૨૬ એ.સી.ટ્રેન, એ.સી. બસ. ચાર્જ ૨૦૦૦૦/-

● આ ત્રણે કેમ્પમાં જુજ સીટ બાકી છે.

● વધુ વિગત તથા નામ નોંધાવા : ગીતા-9821035391, જીતુ-9820002050, ભુમીકા-9082051989, રીટા-9082090854. લિ. મંત્રીઓ.

4/1/1(14) -------- **(A-24745)(2-3)**

બેરાજા - ધજા મહોત્સવ - બેરાજા જયાબેન વસનજી મારૂ - બિદડા

અચલગચ્છીય પૂ.આ.ભ. રાજસ્થાન દિપક શ્રી ગચ્છાધિપતિ પૂ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી તથા ગણિવર્ય શ્રમણ-શ્રમણી વૃંદ તથા સ્થાનકવાસી સાધુ-સાધ્વીજીની નિશ્રામાં ધજા મહોત્સવ તા. ૬-૭-૮ જુલાઈ ૨૬ નાં દિવસે ઉજવવામાં આવશે. મુંબઈથી તા. ૫-૭-૨૬નાં દાદર સયાજી નગરીમાં પ્રયાણ કરવામાં આવશે. તો ગામની નિયાણી બહેનો સહકુટુંબ તથા ગામવાસી ભાઈ-બહેનો તા. ૨-૪-૨૬ થી ૩૧-મે સુધી ડીપોઝીટ રૂા. ૫૦૦/- ભરી નીચે આપેલ સેન્ટરનાં નામો પર નામ લખાવવા આગ્રહભરી વિનંતી. બેરાજા પહોંચ રૂા. ૨૦૦/- રીફંડ આપવામાં આવશે. માટે વહેલામાં વહેલી તકે નામ લખાવવા વિનંતી. (૧) જી-૨૦ કેલકર રોડ, ડોંબીવલી (ઈ.) (૨) જે-૫૦૨, નવનીત નગર, ડોંબીવલી (ઈ.) (૩) વર્ષાબેન છેડા-૭૪૦૦૨૦૨૧૦૬. સેન્ટર પર રૂા. ભરી નામ તથા મો.નં. લખાવવા ખાસ વિનંતી. હવે પછીની જાહેરાતો આગામી ખબર પત્રીકામાં આવતી રહેશે તેની નોંધ લેવા વિનંતી. લિ. બેરાજા વા.પુ.સ્વા.જૈ. સંઘ ટ્રસ્ટી શ્રી હરખચંદભાઈ કક્કા સ્થાનીક પ્રમુખ, શ્રી ઝવેરબેન જાદવજી સાવલા.

4/1/1(16) -------- **(A-24755)(2-4)**

શૈક્ષણિક

દાનની નવી જ પરિભાષા આપતુ કચ્છ માંડવીના દોશી પરિવાર

રમતું અને ઉછળતું ઝરણું જેમ જાતને ઓગાળીને મહાસાગરમાં ભળી જઈ એક અંશમાત્ર રહી જાય છે ને અંતે વરાળ બનીને વાદળના રૂપમાં ફરીથી અમીવર્ષા કરી સૃષ્ટિને ભીની ભીની કરી નાખે છે તેવી જ રીતે માનવી પણ પોતાના અહંને ઓગાળી, પ્રત્યેક અવસ્થામાં નિર્વિકાર રહીને પરમ તત્વમાં પોતાની જાતને ઓગાળી દેતો જરૂરજ આ અવનિ અને અંબરના મિલન રૂપે સૃષ્ટિનો હિતચિંતક બની જાય. તો પછી તો... મળેલ આ જીવ ધન્ય ધન્ય થઈ જાય. ગામ - માંડવી (કચ્છ) ડોંબીવલીના માતુશ્રી હિરાબેન ભોગીલાલ દોશી હસ્તે પરિવારજનોએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નું અનુદાન આપી ખૂબ ખૂબ અનુકરણીય કાર્ય કર્યું રત્નાશ્રમ પરિવાર આપનું આભાર વ્યક્ત કરે છે. પ્રેરક : ભૂ.વિ. અરવીંદ રવજી સંગોઈ-કપાયા : ૯૮૧૯૪૪૦૫૧૬. લિ. પ્રેમચંદ દેવજી ગાલા - વાલી મંડળ સભ્ય-વાંકી ૯૩૨૨૭૫૧૧૮૭.

2/1/1(35) -------- **(A-24782)(2-5)**

મિલન વિહાર (વિરાર ઈસ્ટ)

કચ્છ વાગડ ગામ લાકડીયા ના શ્રીમતી ભમીબેન માંડણ કુંભા રીટા મે.ટ્રસ્ટી દ્વારા મોટી ઉમરના વડીલો માટે જમવાનું, રહેવાનું રૂા.૫૦૦૦/- મહિનાનાં, વાગડ તથા કચ્છ ઘરમાં તકલીફ હોય તો જરૂરીયાતમંદોને નિશુલ્ક રાખવામાં આવશે. શાંત, શુદ્ધ અને હરીયાળી વાતાવરણમાં આનંદમય દિવસો ગુજારો. ગામ ભામટપાડા, શિરસાડ નાકા, મહાવીર ધામની સામે, વિરાર (ઈસ્ટ) પદમશી માડણ રીટા-મો. 9821028630. ટાઈમ : ૧૦.૩૦ થી ૬.૦૦.

4/1/1(34) -------- **(B-24783)(2-6)**

ડોંબીવલીમાં ૧૯૮૫ થી સોની ચીમનલાલ વાલજી (કાંડાગરાવાલા) નવું એડ્રેસ નોંધી લેશો

● સોનાના ફેન્સી દાગીના ઓર્ડરથી વ્યાજબી મજૂરી થી બનાવી આપવામાં આવશે.

● કચ્છની ચાંદીના દાગીના તૈયાર મલશે.

● ૯૨.૫ સિલ્વરના દાગીના તૈયાર મલશે.

● બ્રાન્ડેડ ઈમીટેશન લોંગ મોતીના સેટ તૈયાર મલશે. (વાઈટ છીપ, ગ્રીન છીપ, મરૂન છીપ, કલરમાં તૈયાર મલશે.) નવું એડ્રેસ : સુવિધી દર્શન, ૩૦૪, ૩જે માળે, માનપાડા રોડ, સિગ્નલ ચાર રસ્તાની બાજુમાં, કોમર્સ પ્લાઝાની સામે, ડોંબિવલી (ઈસ્ટ) (લીફ્ટ છે) મો.: 8779789170.

4/1/1(39) -------- **(N-24799)(2-7)**

શ્રી નાની ખાખર જૈન સંઘ

શ્રી આઠ કોટી નાની પક્ષ સંપ્રદાય ના પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી નાનાલાલજી સ્વામીની નીશ્રામાં વિચરતા પૂજ્ય મહાપુરુષ પલકજી સ્વામી, પૂજ્ય મહાપુરુષ અંકિતજી સ્વામી, પૂજ્ય મહાપુરુષ ભાગ્યેશજી સ્વામી નો જોગ તા. ૧૩/૪/૨૦૨૬ થી તા.૨૫/૪/૨૦૨૬ સુધી આપણા ગામ ને મળેલ છે. પૂજ્ય સાધુ ભગવંતો તા.૧૩/૪/૨૦૨૬ ના પધારવા ના ભાવ છે. તો આ અમૂલ્ય અવસર નો લાભલેવા સર્વને વિનંતી.લી. કન્વીનર.

4/1/1(5) -------- **(A-24781)(2-8)**

ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

Shree K. V. O. Sthanakwasi Jain Mahajan - Mumbai

Sanchalit

Matushri Manibai Shivji Devji Kanya Kelavani Fund

and

Shree K. V. O. Seva Samaj

MMSDKKF Estd. 1968

What to study after 10th / 12th / Grad?

CAREER SEMINAR 08:00 am to 01:30 pm | **MEET THE PROFESSIONALS** 02:00 pm onwards

Saturday, 11th April 2026 and Sunday, 12th April 2026

Want to know about the growing fields?

Venue: Shri K.V.O. Sthanakawasi Jain Mahajanwadi,
70/80, Dr. Ambedkar Road, Opposite Voltas, Chinchpokli (E), Mumbai.

Schedule of Career Seminar and Meet the Professionals 2026

Saturday, 11th April

CAREER SEMINAR

08:00 – 08:30 am	Registration and Breakfast
08:30 – 08:45 am	Introduction
08:45am onwards	Scholarships / Loans / Minority and EWS Quota
Session I	**Design / Architecture** (Interior Design, Fashion Design, Architecture, etc.)
Session II	**Humanities / Languages** (Psychology, Languages, etc.)
Session III	**Commerce** (BAF, BBI, BFM, CA, CS, CFA, Actuarial Science, etc.)
Session IV	**Management / Entrepreneurship** (Management, Entrepreneurship, Social Media, etc.)
Session V	**Law** (LLB, LLM, etc.)
Session VI	**AI**

MEET the PROFESSIONALS

(02:00 – 05:00 pm) – Parallel Sessions

Design / Fine & Performing Arts / Architecture
(Graphic Designing, Commercial Arts, Interior Design, Fashion Design, Animation, Architecture, Advertising, Marketing, Printing & Packaging, Logistics, etc.)

Arts / Humanities / Languages
(Psychology, Sociology, Economics, Political Science, Languages, etc.)

Commerce / Management / Law
(BAF, BBI, BFM, CA, CS, CFA, LLB, Management, Actuarial Science, Finance, etc.)

Sunday, 12th April

CAREER SEMINAR

08:00 – 08:30 am	Registration and Breakfast
08:30 – 08:45 am	Introduction
08:45am onwards	Scholarships / Loans / Minority and EWS Quota
Session I	**Pure Science / Home Science** (Human Development, Food Nutrition and Dietetics, etc.)
Session II	**Engineering / BCA / MCA / AI** (Mechanical, Civil, Computer Science, IT, Electrical, BCA, IIT, AI, etc.) Information of Entrance Exams
Session III	**Medicine / Para Medicine** (MBBS, Physiotherapy, Clinical Pharmacy, etc.) Information of Entrance Exams

MEET the PROFESSIONALS

(02:00 – 05:00 pm) – Parallel Sessions

Medicine / Para Medicine
(Medicine and Surgery, Ophthalmology, Pathology, Cardiology, Dentistry, MBBS, Physiotherapy, Occupational Therapy, Pharmacy, Speech & Audiology etc.)

Pure Science / Home Science
(Mathematics, Statistics, Physics, Chemistry, Biotechnology, Genetics, Microbiology, Textile and Fashion Technology, Human Development, Food Nutrition and Dietetics, etc.)

Engineering / BCA / MCA / Management
(Production, Mechanical, Civil, Computer Science, IT, Electrical, BCA, Management after Engineering, etc.)

It is advisable to attend all the sessions although you may have decided your career.

- Know details of courses you want to get admission in.
- Eminent KVO and non KVO Experts from Academics and Industries will help you resolve your doubts.
- Student should be accompanied with one parent
- Limited Seats – Registration on first come first entry basis.
- Get information on Scholarship and Loan options available
- Know how to get admission after 10th in Minority and EWS Quota.
- Breakfast and Lunch will be served.

Rs. 400/- for KVO and Rs. 1000/- for others
Scan the QR code or Register on www.kanyakelavani.org or on kvoss.org

- Shree K. V. O. Sthanakwasi Jain Mahajan Sanchalit Matushri Manibai Shivji Devji Kanya Kelavani Fund Chinchpokli – Tel: 9930191350 (Time: 11:00 am to 05:00 pm only)
- Shree K. V. O. Seva Samaj Chinchbunder Tel: 022 23714674

'જુનુ સોનુ ચાંદી'

જુનુ સોનુ ચાંદી હીરા મોતીના દાગીના કસર કાપ્યા વગર ખરીદશું.

- **સોનુ : 146000/- 24 K**
- **ચાંદી : 234000/- 1 Kg**
- **ડીઝાઈનર સર્ટીફાઈડ ડાયમંડ જ્વેલેરી પર 15% Discount.**
- **વલ્લભદાસ & સન્સ જ્વેલર્સ, શોપ નં. ૬ જવેરી બીલ્ડીંગ, ડી.જે.રોડ, સ્ટેશન સામે, વિલેપાર્લા (વે.) Mob. 9930644520.**

4/1/1(1) -------- **(N-24594)(4-1)**

મફત લેઝર ઓપરેશન (ચશ્માનાં નંબરથી મુક્તિ)

આપણી યુવા જનરેશનને કરીએ ચશ્મા મુક્ત. આપણા સમાજ માટે અને ઈતર સમાજ માટે મફત માં ચશ્મા ના નંબર કાઢવાનું ઓપેરશન. (૧૮ વર્ષ થી ૪૫ વર્ષ સુધી ના લોકો માટે). મોસ્ટ એડવાન્સ જર્મન ટેકનોલોજી SCHWIND EYE TECH દ્વારા માત્ર ૧૦૦ સેકન્ડમાં ચશ્માના નંબરથી મુક્તિ. ડોકટર જીગ્નેશ ગાલા દ્વારા સંચાલિત ઓફર : માર્ચ મહિના સુધી બ્લેડ સર્જરી- Free, બ્લેડલેસ (Bladeless, Touchless) સર્જરી - ૨૦૦૦૦/- વેવ ફ્રન્ટ ગાઈડેડ બ્લેડલેસ (Bladeless,Touchless) સર્જરી ૪૫૦૦૦/- સમય ૧:૦૦ વાગ્યા થી ૫:૦૦ વાગ્યા સુધી સંપર્ક કરો : ૭૭૧૮૮૮૫૨૪૫. પત્રિકા ની જાહેરાત લાવવા વિનંતી. દાતાઃ શ્રીમતી જવેરબેન મણસીભાઈ અવચર ગાલા (ગામ : ધાણીથર) એડ્રેસ : ૩૦૧, ટોપેક્સ આઈ હોસ્પિટલ, ટ્રિનિટી સ્કવેર, મોંઘી બાઈ રોડ, છેડા જ્વેલર્સ ઉપર, વિલે પાર્લે (ઈસ્ટ) સ્ટેશન પાસે, મુંબઈ - ૪૦૦૦૫૭

4/1/1(2) -------- **(B-24674)(4-2)**

શ્રી સિધ્ધી વિનાયક કવર

સુટકેશ કવર ડાઈનીંગ ટેબલ, ખુરશી, સોફા, ટીવી, સ્પીકર કમ્પ્યુટર, વોશિંગ મશીન, ટેરેસ પરના હીંચકા એસી વરસાદના પડદા. સાડીના ઈમ્પોટેડ ટ્રાન્સપરન્ટ કવર, ઘરઘંટીનું કવર મેક ટુ ઓર્ડર. વિનય : 9820555327.

2/1/1(1) -------- **(N-24683)(4-3)**

દેશ વિદેશ કુરિયર 24x7

એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે ઉત્તમ સર્વિસ અને વ્યાજબી ભાવે એરપોર્ટ ટુ એરપોર્ટ, ડોર ટુ ડોર Cargo તેમજ Exhibition માટે Bulk Load/ Sample / Freight Economic Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Free Pick Up Service PAC n DELIVER. M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(4) -------- **(B-24511)(4-4)**

JOB OPPORTUNITIES MANAGER

- JOB OPPORTUNITIES FOR MANAGER TYPE PERSON FOR OVERALL SUPERVISION OF SHOWROOM AND TO HANDLE SOCIAL MEDIA WORK..//VIDEO CALLING //.WHATSAPP REPLY.
- WANT MALE CANDIDATES YOUNGAGE FOR ABOVE JOB FOR WOMAN'S ETHNIC WEAR SHOWROOM NEAR JUHU CIRCLE.
- NISHLY FASHION HOUSE 9821028943
- From...Easy Traveling Location..only.
- Good Salary + Commission.

4/1/1(10) -------- **(B-24735)(4-5)**

શાન - શાન - શાન

રવિવાર બંધ (કુર્લા વેસ્ટ)

- વર-કન્યા તથા અન્ય પરિવારજનો માટે સગાઈ,સંગીત સંધ્યા,લગ્ન તેમજ પાર્ટી માટે રીઝનેબલ ભાવમાં લેટેસ્ટ અને સુંદર ડીઝાઈનમાં ભરપુર વેરાયટી.
- 'કન્યા' માટે -ડીઝાઈનર ચણીયાચોલી ડીઝાઈનર તેમજ સીલ્ક સાડી,પાર્ટી ગાઉન, ઈન્ડો-વેસ્ટર્ન, પાર્ટી વેઅર પંજાબી ડ્રેસ,ડ્રેસ મટેરીઅલ, કુર્તીસ.
- ''વર'' માટે- ડીઝાઈનર શેરવાની, ઈન્ડો-વેસ્ટર્ન, સુટ, જોધપુરી,જેકેટ,કુર્તા,પઠાણી,શર્ટ-પેન્ટ, જીન્સ-ટી-શર્ટ.
- ફેક્ટરી સરનામું :શાન ''શિલ્પ ઈન્ડિયા'', મસરાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ૧લે માળે, હલાવ પુલ,ધોબી ઘાટની સામે, કુર્લા(વેસ્ટ). મો. 9322400072 (જતીન ભેદા), ફેક્ટરીઃ- 9820158126.
- લગ્નસરા માટે નવી વેરાયટીમાં ભરપૂર સ્ટોક આવી ગયેલ છે, તો આપ એકવાર અવશ્ય પધારો.
- ટાઈમ :૧૦.૩૦ થી ૮.૦૦ વાગ્યા સુધી. રવિવાર બંધ.
- પાર્કિંગ ઉપલબ્ધ છે, ગરદી થી બચવા ૧૦.૩૦ થી ૩.૦૦ વાગ્યા સુધી પધારો.

4/1/1(30) -------- **(B-24787)(4-6)**

! શુધ્ધતાનો વિશ્વાસ એક પરંપરા !

K.K. Oil Trading કંપનીનું

'શ્રી MK કાચી ઘાણી' નું (COLD PRESSED) શુધ્ધ તેલ.

- સીંગ, સફેદ તલ, કાળા તલ, કોપરેલ અને રાઈ. ફક્ત આ કુદરતી તેલીબીયામાંથી બનતું COLD PRESSED Oil.
- તદ્દન ખ્યોર દેશી ગાયના વલોણાનું 'ઘી' ૧ લીટર કાચની બરણીમાં મળશે.
- ઓછું ખાવ પરંતુ ગુણવત્તાયુક્ત ખાવ. સસ્તી કિંમતનાં તેલની જાહેરાતોથી છેતરાશો નહીં.
- સંપર્ક : (૧) મણીલાલ લાપસીયા : 9819814714 (૨) નીના કારાણી : 9322248444. FREE HOME DELIVERY. (Mumbai)

2/1/1(9) -------- **(B-24736)(4-7)**

COFFEE FLAVOUR FOR SALE

અમારી પાસે પાવડર ફોર્મમાં કોફી ફ્લેવર (Nature Indentical) ઉપલબ્ધ છે. ચોકલેટ, કેન્ડી, કેક, આઈસક્રીમ, કોફી ફ્લેવર્ડ પીણા માટે ઉપયોગી છે. વ્યાજબી ભાવે મળશે. સંપર્ક : પ્રીતી અતુલ મામણીયા-૯૯૨૦૭૫૪૩૧૧.

4/1/1(11) -------- **(B-24740)(4-8)**

MEDICLAIM EXPERT

CLAIMS SETTLEMENT REJECTED / DELAYED CLAIMS. POLICY FROM ALL COMPANIES COVERED. CONTACT EXPERT. KISHOR MOTA-9820853112.

4/1/1(12) -------- **(B-24732)(4-9)**

જગડુશા નગરમાં : ટેલરીંગની રનીંગ દુકાન ચલાવવા આપવાની છે

ઘાટકોપર (વેસ્ટ) જગડુશા નગરમાં છેલ્લા ૩૦ વર્ષથી જામેલી/ઘરાકીવાળી રેપ્યુટેડ 'ટેલરીંગની દુકાન' માલિકનાં દુઃખદ અવસાનના કારણે મટેરીયલ્સ અને મશીન સાથે ચલાવવા આપવાની છે. ઈચ્છુકો સંપર્ક : (૧) ચેતન ગાલા : મો. 9869135445 (૨) મનીષ દેઢીયા : મો. 9867818282 (૩) દિપેન દેઢીયા : મો. 9821154003.

4/1/1(15) -------- **(B-24741)(4-10)**

શું તમે ખરેખર વજન ઘટાડવા અને તંદુરસ્ત જીવન જીવવા માટે તૈયાર છો ?

- **મેળવો તમારો Personal Nutrition & Fitness Coach આજે જ શરૂઆત કરો.**
- **સ્વસ્થ જીવન માત્ર સપનું નથી - યોગ્ય માર્ગદર્શન સાથે એ સંપૂર્ણ શક્ય છે.**
- **ફ્રી ૩ દિવસ માટે ડેમો આપવામાં આવશે. અનુભવ કરો ફેરફારનો પ્રારંભ.**
- **અમારી સાથે તમને મળશે : સ્વસ્થ અને સંતુલિત આહાર યોજના વ્યક્તિગત કસરત યોજના સતત પોષણ માર્ગદર્શન પર્સનલ કોચ સપોર્ટ પ્રેરણાદાયક કમ્યુનિટી.**
- **વધુ વિગત માટે સંપર્કઃ મોનીકા છેડા (ઘાટકોપર) ૭૭૩૮૯૯૧૧૮૦, ૯૮૨૦૧૨૭૭૧૬.**

4/1/1(2) -------- **(B-24742)(4-11)**

પ્રિતી ગૃહ ઉદ્યોગ - અથાણામાં મેગા સેલ (ફક્ત ૩ દિવસ માટે ખાસ ઓફર)

ફ્રી ડિલિવરી ! ફ્રી ડિલિવરી (દરેક ઓર્ડર પર), સ્પેશિયલ આકર્ષક કોમ્બો પેક (માત્ર રૂ.૩૪૫માં), પેકિંગ : ૨૦૦ ગ્રામના ૫ પેકેટ (કુલ ૧ કિલો), આ કોમ્બોમાં સામેલ છે, કેરીનું અથાણું, ગોળ કેરી, છૂંદો, લીલા મરચાં અને મીઠું લીંબુ. (ખાસ નોંધઃ તમારી પસંદગી મુજબનો કસ્ટમાઈઝ્ડ કોમ્બો પણ ઉપલબ્ધ છે.) અથાણાની ખાસ વેરાયટી (૧ કિલોના ભાવઃ)

- લિસ્ટ - ૧ (રૂ.૩૪૯ / કિલો) : મિક્સ અથાણું, કેરીનું અથાણું, ગોળ કેરી, કેરીનો છૂંદો, કેરીનો મુરબ્બો, મીઠું લીંબુ, લીંબુનું અથાણું, લીંબુની ચટણી, બીજોરાનું અથાણું, લીલા મરચા, અથાણા મરચા, આમળાનું અથાણું, ફણસ (કટહલ) નું અથાણું, આદુનું અથાણું અને ગાજરનું અથાણું.
- લિસ્ટ - ૨ (રૂ.૩૯૫ / કિલો) : આંબા હળદર, મીઠા લાલ મરચા, લસણનું અથાણું, કારેલાનું અથાણું, મીઠા કારેલા અને આમળાનો મુરબ્બો.
- લિસ્ટ - ૩ (રૂ.૪૩૦ / કિલો) : ગુંદા કેરી, મીઠા ગુંદા કેરી, મસાલા કેર, રાઈ કેર અને મિક્સ ગોળ કેરી. ૫ કિલોની બરણી (સ્પેશિયલ ઓફર), ૫ કિલો તડકાવાળો છૂંદો - રૂ.૧૪૫૦, ૫ કિલો બીજોરા અથાણું - રૂ.૧૪૦૦, બીજોરા સ્પેશિયલઃ તાજું અને આખું બીજોરું, બીજોરાની ચટણી, બીજોરાની ફાડ, બીજોરાની કેન્ડી મળશે. આમળાની ખાસ કેન્ડી (૨ ફ્લેવર)ઃ સ્વીટ આમળા કેન્ડી (Sweet Amla Candy), ચટપટી આમલા કેન્ડી (Chatpata Amla Candy), ચટણી સ્પેશિયલઃ મિક્સ ચટણી (લસણ, તલ અને શિંગદાણાયુક્ત સ્વાદિષ્ટ ચટણી), મીઠાઈ સ્પેશિયલઃ ચૂરમાના લાડુઃ (તમારા ઓર્ડર મુજબ તાજા બનાવી આપવામાં આવશે.) ઉતાવળ કરો ! સેલ માત્ર ૩ દિવસ માટે જ છે ! ઓર્ડર અને પૂછપરછ માટે સંપર્ક કરો : પ્રિતી નાગડા - ૯૦૨૨૯૬૭૮૮૭ (Whatsapp & Call).

2/1/1(32) -------- **(B-24785)(4-12)**

ઘાટકોપર (પૂર્વ)માં પ્રાઈમ લોકેશનમાં વેચાણ માટે ફ્લેટ

બધા માસ્ટર બેડરૂમ 3 BHK + પુજા રૂમ + ૨ મોટા પાર્કીંગ સાથે જૈન પરીવાર માટે આદર્શ દેરાસર અને ઉપાશ્રય પાસે કારપેટ. ૧૨૧૫ ફુટ, રૂ. ૪.૨૫ Cr. સંપર્ક : રાજુ દેઢીયા-9137241588.

4/1/1(33) -------- **(B-24784)(4-13)**

બોરીવલી (વેસ્ટ) જાંબલી ગલ્લીમાં ફ્લેટો

૩૬ માળના ૨ ટાવરમાં 3 BHK અને 4-5 BHK ના લકઝરિયસ ફ્લેટો વર્લ્ડ ક્લાસ એમેનિટીસ, સાત પાર્કિંગ પોડીયમ, તથા ઘણું બધું કામ ચાલુ છે. બુકીંગ માટે સંપર્ક : ધીરેન ભેદા : 7666030111 / 8655673970

2/1/1(25) -------- **(B-24779)(4-14)**

બોરીવલી વેસ્ટ જાંબલી ગલ્લીમાં મોકાની દુકાનો

દુકાનો સાથે ગોડાઉન ફ્રી... ૧૪ ફૂટ હાઈટ, ૫૦% માળિયું પાસ કરાવેલ છે. ૩૦૦' ફૂટ થી ૭૬૦૦' ફૂટ સુધીની દુકાનો, ૧ વર્ષમાં પઝેશન (વચ્ચેના નવા રસ્તાથી જાંબલી ગલ્લી અને એલ. ટી. રોડ જોઈન્ટ થાય છે). ઈન્વેસ્ટરનો માલ સંપર્ક પુનિત શાહ : 9321011199.

2/1/1(21) -------- **(B-24778)(4-15)**

સોરાયસીસ, કોઢ, સફેદ ડાઘ, ખરજવું, ફંગસ, કોર્ન, પગનાં અલ્સર ટ્રીટમેન્ટ કેમ્પ

રજીસ્ટ્રેશન ફ્રી ૩૦૦ રૂ. ૨૯-૩, ૩૦-૩, ૩૧-૩. રવિ, સોમ, મંગળ. સ્થળ : દિયા હેલ્થ કેઅર, ૧૦૨, બિલેશ્વર ટાવર, પહેલા માળે, પાંચ રસ્તા, સંદીપ હોટેલની સામે, મુલુંડ (વે.) સમય : ૧૧-૭. સંપર્ક : ૯૮૨૦૭૪૮૮૪૦, ૦૨૨-૩૧૯૦૬૦૨૩.

4/1/1(22) -------- **(B-24775)(4-16)**

કાનમાં ઓછું સંભળાય છે? અમારી પાસે તેનો ઉપાય છે

વાયરવાળા, કાનની પાછળના, ચાર્જીંગવાળા અને કાનની અંદર ન દેખાય તેવા મશીનો (Sound Amplifiers) રૂા. ૪૦૦૦ થી ૨૦૦૦૦/- સુધીમાં ગેરંટી સાથે ઉપલબ્ધ છે. અમારા મશીનો રીપેયરીંગ પણ થાય છે. હોમ વીજીટ ચાર્જ લઈ તમારા ઘરે મશીનનો ડેમો આપીશું. (બીજી બધી Brand નાં Hearing Aid પણ ઉપલબ્ધ છે) Cont - વિરેન ગાલા (9920644970) Santacruz (E).

2/1/1(24) -------- **(B-24770)(4-17)**

ધ મેંગો હાઉસ

દરેક બોક્સમાં મોસમની મીઠાસ, અલ્ફેન્સો કેરીઓનો રાજા હવે તમારા દરવાજા સુધી. સાચી રત્નાગરી હાપુસ તાજુ સીધું ફાર્મમાંથી મોસમનો સ્વાદ હવે સરળતાથી ઉપલબ્ધ. ફ્રી ડીલીવરી રેન્જ : ઘાટકોપર થી અંબરનાથ સુધી અન્ય મુંબઈ, લોકેશન્સ માટે ડીલીવરી ચાર્જીસ લાગુ પડશે. લીમીટેડ ઓફર : સમયસર બુકીંગ કરો. સંપર્ક માહીતી : ઘાટકોપરથી કલવા સુધીનાં ઓર્ડર : લીલાવંતી જયંતીલાલ નાગડા (ગામ : વિઢ) 9870620687, ચિરાગ જયંતીલાલ નાગડા (ગામ : વિઢ) 9664231220. ડોંબીવલી થી અંબરનાથ સુધીનાં ઓર્ડર : મીત મોતા (ગામ : નવાવાસ) 7506175308, હીના નિસર (ગામ : દેવપુર) 9699947235.

4/1/1(23) -------- **(B-24774)(4-18)**

ગાદીવાળા ચપ્પલો-ગાદીવાળા સ્લીપરો

પગના દુખાવા માટે સોફ્ટ, ગાદીવાળા ચપ્પલો, સ્લીપરો તેમજ ફ્લેટફૂટ અને કપાસીયા માટે સ્પે. લેડીઝ/ જેન્ટ્સ ચપ્પલોની વેરાયટી રેડીમાં મળશે. (ઓર્ડરથી પણ બનાવીને આપીશું). જસ્મીન ચપ્પલવાળા પઈનગર, બોરીવલી (વેસ્ટ). મો.: 9619833392

2/1/1(26) -------- **(B-24780)(4-19)**

(JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે ઓનલાઈન શોપિંગ કરવી નહીં. (અનર્થાદંડથી બચવા માટે)

- મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.
- વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.
- JYF હેલ્પલાઈન નંબર 8591438983.
- જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(3) -------- **(A-24651)(1-6)**

જીવદયા અનુદાન

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫

● ૫૫૫૫/- વિરલ જેઠાલાલ સાલીયા : અંધેરી-ગોધરા

● ૫૪૦૦/- મિલન મહેન્દ્ર છેડાનાં જન્મ દિવસ નિમિત્તે

● ૫૦૦૧/- પુ. મામાશ્રી મોહનભાઈ પ્રેમજી સોની-દેશલપુર કંઠીના સ્મરણાર્થે હ. ચેતન અનીલભાઈ નિસર-વડાલા.

● ૫૦૦૦/- કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયનાં પુજ્ય ઝરણાબાઈ મ.નાં ૫૧માં સંયમ જીવનનાં પ્રવેશ નિમિત્તે માતુશ્રી દેવકાબેન મેઘજી ભેદા, ૪૫૦૦/- સિધ્ધી હાર્ડવેર હ. ભારતીબેન વિઠ્ઠલભાઈ પટેલ : ચીપલુણ-મનાવીડ, ૨૫૦૦/- ખેરાજભાઈ માધવજી જોઈસર, વિનોદભાઈ માધવજી જોઈસર : ખેડ-ભવાનીપર, ૨૫૦૦/- જેઠાલાલ ટોકરશી છેડાના જન્મ દિવસ નિમિત્તે : મુલુંડ-માંડવી, ૨૨૦૦/- સતીષ નેમચંદજી માલુ : જાખેડા-રાજસ્થાન, ૨૧૦૦/- દિવીત નીરજ ગડાના જન્મ દિવસ નિમિત્તે : મુલુંડ-રાયધણજર, ૨૦૦૦/- શ્રીમતી જયા નવિનચંદ્ર ગોગરી પુણ્યતિથિ નિમિત્તે ટોડા. લિ. કીરીટભાઈ ખીમજી શાહ-રામાણીયા, મુલચંદભાઈ જાદવજી છેડા-રતાડીયા ગણેશ, નરેશ ભાણજી છેડા-ડોણ.

4/1/1(17) -------- **(A-24751)(5-1)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫

૩૦૦૦/- માવજી વીરજી ગાલાની ૮મી પુણ્યતિથિ નિમિત્તે ડોંબીવલી-સાડાઉ, ૨૦૦૦/- શ્રીમતી જયા નવિનચંદ્ર ગોગરી પુણ્યતિથિ નિમિત્તે ટોડા, ૧૫૦૦/- મીત્તલ નીતીન વશનજી છેડા મીરા રોડ-વાંકી, ૧૧૧૧/- અનિલ પોપટલાલ દેઢીયાનાં જન્મ દિવસ નિમિત્તે, ૧૧૦૦/- અનીતા અનીલ સાવલા બોરીવલી-વડાલા, ૧૧૦૦/- ભાવિન પ્રવીણકુમાર બૌઆ અંધેરી-નાની તુંબડી, ૧૧૦૦/- ભવ્ય કેનીયા કાંદીવલી-મુંદ્રા, ૧૧૦૦/- મોહીત કેનીયા કાંદીવલી-મુંદ્રા, ૧૧૦૦/- ભારતીય સ્ટોર્સ હ. મુકેશભાઈ છેડા ડોંબીવલી-નવાવાસ, ૧૧૦૦/- પારસ લાઈમ ડેપો હ. હીરબાઈ કાનજી સોની ડોંબીવલી-લુણી, ૧૧૦૦/- દીપેનભાઈ કીર્તીભાઈ શાહ હ. કીંજલ પ્લાસ્ટ કલર્સ બોરીવલી-ભાવનગર, ૧૧૦૦/- શેફાલી દીપેનભાઈ શાહ બોરીવલી-ભાવનગર. લિ. નીતીનભાઈ ચુનીલાલ શાહ-મોટી ખાખર, સી.એ. જયેશભાઈ મોરારજી ગોગરી-ટોડા, સી.એ. વિરલભાઈ મુકેશભાઈ સોની-દેશલપુર.

4/1/1(18) -------- **(A-24750)(5-2)**

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ
૨૩૮૧૩૭૩૩, ૮૩૫૫૯૩૩૮૦૮

૧૧૦૦૦/- માતુશ્રી પ્રભાબેન નાગજી છેડાનાં સ્મરણાર્થે હ. ધીરેન નાગજી છેડા નાના ભાડીયા અંધેરી, ૬૦૦૦/- શ્રી ગોરેગાંવ સ્થાનકવાસી જૈન સંઘ જવાહરનગર રોડ નં. ૧૨ ગોરેગાંવ, ૫૦૦૦/- આણંદજી કે. છાડવા લાકડીયા, ૫૦૦૦/- ઝવેરબેન મુરજી ગાલા ફાઉન્ડેશન તરફથી જીવદયા અનુદાન માટુંગા મોટા આસંબીયા કાલબાદેવી, ૪૦૦૦/- શ્રી સૌભાગ્ય વર્ધક જૈન સંઘ ટ્રસ્ટ અંધેરી (ઈ.), ૨૭૦૦/- ચિ. મુમુક્ષુ શીલ અને ચિ. મુમુક્ષુ સંયમની દીક્ષા નિમિત્તે ગાયોને મિષ્ટાન જમણ લાખાપુર-માટુંગા, ૨૦૦૦/- શ્રી અંધેરી પુર્વ અચલગચ્છ જૈન સંઘ, ૧૧૦૦/- શ્રી અંબાજી ધામ ટેમ્પલ બોરીવલી, ૧૧૦૦/- જીનલ રોનક ગાલા લુણી બોરીવલી, ૧૧૧૧/- માતુશ્રી લીલાવંતી મુલજી પવાણી હ. વિપુલ ઠક્કર. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(8) -------- **(A-24737)(5-3)**

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ
૨૩૮૧૩૭૩૩, ૯૭૬૯૬૦૧૧૯૯

૧૫૦૦૦/- રમેશ સોની લુણી લેમીંગ્ટન રોડ, ૧૧૧૧૧/- પ.પુ. સુભદ્રાબાઈ મહાસતીજીની સ્મૃતિ નિમિત્તે હ. સુશીલાબેન ભવાનજી વાલજી રાંભીયા નાના ભાડીયા-વાશી, ૫૦૦૧/- નયના નાગજી છેડા પત્રી કાંદીવલી, ૨૫૦૦/- હીતેશ જાદવજી ગાલા પત્રી દાદર, ૨૦૦૦/- ભવ્યા હરેશ સાવલા (દાનપેટી) નાની તુંબડી બોરીવલી, ૨૦૦૦/- નીલા હરેશ સાવલા (દાનપેટી) નાની તુંબડી બોરીવલી, ૧૫૦૧/- વિનર બુક સેન્ટર ચોપાટી, ૧૧૦૦/- પુરૂષોત્તમ જોશી C/o. સીધ્ધી વિનાયક દાબેલી (દાનપેટી) ડોંબીવલી, ૧૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ દહાણુ કરવાડી કાંદીવલી, ૧૦૦૦/- વત્સલ ડુંગરશી ગાલા રવ થાણા, ૧૦૦૦/- ભાવનાબેન અજમેરા ભુલેશ્વર. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(6) -------- **(A-24739)(5-4)**

શ્રી ધનજીવાડી ક.વી.ઓ. જૈન ચેરીટેબલ ટ્રસ્ટ
જીવદયા દાતાઓનો આભાર માને છે

૨૫૦૦ મરૂદેવા મંડળ સ્વપ્નનગરી મુલુંડ (વે.) હ. પદમશી ગડા, ૫૦૦ જાગૃતિ રાજેશ સૈયા ધનજીવાડી મલાડ (વે.) ગા. ગેલડા, ૫૦૦ શાંતીલાલ વેલજી શેઠીયા હ. જીલ, નિશા મલાડ (ઈ.) ગા. પ્રતાપુર, ૫૦૦૦ મહેન્દ્ર જે શાહ પારલા (વે.), ૬૦૦૦ મહેન્દ્ર જે. શાહ પારલા (વે), ૧૦૦૦ સાચી ભાવેશ છેડા નક્ષ્ય સમીર છેડા ગા. વાંકી, ૧૦૦૦ અજમેરા ગ્રુપ ધનજીવાડી મલાડ (ઈ.), ૧૦૦૦ અરવિંદ ભાણજી છેડા ઘાટકોપર ગા. બિદડા, ૧૧૦૦ જયશ્રી જયંત પ્રેમજી ગોગરી મલાડ (વે.) ગા. ભુજપુર, ૨૦૦૦ હીતુલ મણીલાલ સાવલા જન્મ દિવસ નિમિત્તે કાંદીવલી (વે.) ગા. રતાડીયા ગણેશવાલા, ૧૧૦૦ વિમળાબેન કાનજી ગાલા મહાલક્ષ્મી (વે.) હ. કૈલાસ ગાલા ગા. નવીનાર, ૧૧૦૦ કાનજીભાઈ પ્રેમજી ગાલા હ. કૈલાસ ગાલા મહાલક્ષ્મી (વે.) ગા. નવીનાર. રોકડ તથા ચેક માટે સંપર્ક : ૯૩૨૧૯૯૨૯૯૪, ૯૮૨૦૯૯૧૦૧૫. લિ. શ્રી ધનજીવાડી ક.વિ.ઓ. જૈન ચેરીટેબલ ટ્રસ્ટ રજીસ્ટર્ડ.

4/1/1(5) -------- **(A-24489)(5-5)**

શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર લુણી પાંજરાપોળ
૨૩૮૧૩૭૩૩, ૮૩૬૯૩૪૯૯૬૧

૧૦૮૦૦૦/- શ્રી વિલેપાર્લા SMJS ચેરીટીઝ, ૪૫૦૦૦/- ઝવેરી મહાજન મોતીનો ધરમનો કાંટો મુંબાદેવી, ૪૧૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ વાશી, ૧૫૦૦૦/- શ્રી શાંતાકુઝ જૈન તપોગચ્છ સંઘ, ૧૧૦૦૦/- શ્રી તારદેવ કચ્છી વિશા ઓશવાળ જૈન સંઘ, ૧૧૦૦૦/- સી.વી.ઓ. દાદર બજાર ચેરીટેબલ ટ્રસ્ટ, ૫૦૦૦/- શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ શાંતાકુઝ (ઈ.), ૫૦૦૦/- કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયનાં ઝરણાબાઈ મ.સા.ના સંયમ જીવનનાં ૫૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે હ. માતુશ્રી દેવકાંબાઈ મેઘજી ભેદા કપાયા, ૪૫૫૫/- શ્રી મુલુંડ વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, ૨૫૦૦/- કોકીલાબેન સંઘવી મલાડ, ૨૫૦૦/- વર્ષાબેન નવિનભાઈ શેઠ મલાડ. લિ. ટ્રસ્ટીઓ.

4/1/1(7) -------- **(A-24758)(5-6)**

શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત
શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

● રૂ. ૫૪૦૦૦/- શ્રી આદિનાથ જૈન દેરાસર દેવીદયાલ રોડ મુલુંડ (વેસ્ટ)ના શ્રાવક અને શ્રાવિકાઓ તરફથી પ્રેરક શ્રી પંકજભાઈ છેડા

● રૂ. ૧૫૦૦૦/- શ્રી જલારામ સત્સંગ મંડળ-મુલુંડ

● રૂ. ૧૧૦૦૦/- ગામ : દેશલપુર (કંઠી) હાલે ઠાકુરદ્વાર-મુંબઈના ભાઈશ્રી મોહનલાલ પ્રેમજી સોનીના સ્મરણાર્થે હસ્તે : શ્રી પોપટલાલ પ્રેમજી સોની તરફથી એક ગાય દત્તક.

● રૂ. ૧૦૦૦૦/- ગામ : ડુમરા હાલે ચેમ્બુરના માતુશ્રી લક્ષ્મીબેન વીરજી હંસરાજ કારાણી તરફથી.

● CSR & 80G Tax Benefit Avaliable.

● સંપર્ક : દિનેશ દેઢિયા : 9833660255, જયંત મારૂ : 8080112008.

2/1/1(3) -------- **(A-24760)(5-7)**

શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત
શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા

જીવદયા અનુદાન.

● રૂ. ૨૬૦૦૦/- અનશનવ્રતધારી પ.પૂજ્ય સુવિધિબાઈ મહાસતીજીનાં સંથારાની અનુમોદના નિમિત્તે અબોલ જીવોને મિષ્ટાન જમણ અને એક ગાય દત્તક હસ્તે શ્રીમતી લક્ષ્મીબેન શામજી ટોકરશી વોરા પરીવાર ગામ : નવીનાર-બ્રીચકેન્ડી તરફથી જીવદયા અનુદાન.

● CSR & 80 G Tax Benefit Available.

● સંપર્ક : હસમુખ ગાલા-૯૮૯૨૦૨૯૭૬૦, ઉદય દેઢીયા-૯૭૦૨૫૪૩૫૫૫.

4/1/1(4-P) -------- **(A-24669)(5-8)**

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
એન્કરવાલા અહિંસાધામ ૭૦૪૫૪૩૫૫૪૫

● ૧,૦૮,૦૦૦/- માતુશ્રી મણીબેન રતનશી ગાલા પરીવાર ગામ : કાંડાગરા હાલે ગોરેગામ તરફથી સંસ્થાને અમુલ્ય યોગદાન મળેલ છે તે બદલ સંસ્થા તેમનાં પરીવારનો હૃદયપૂર્વક આભાર માને છે. લિ. લીલાધરભાઈ દનાભાઈ ગડા-બાડા, જયંત પ્રેમજી ગોગરી-ભુજપુર.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ : શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા : બોરીવલી-ગેલડા.)

4/1/1(4) -------- **(A-24749)(5-9)**

સમર ક્રીકેટ કેમ્પ-૧ એપ્રીલથી ૨૦ મે કમ્ફર્ટ ચેલેન્જર્સ ક્રિકેટ એકેડમી

લિમીટેડ સીટો બાકી....સર્ટીફાઈડ કોચ સાથે

● વય ૮ થી ૧૬ વર્ષ
● સમય સવારે ૬.૪૫ થી ૯
● સ્થળ : માટુંગા જીમખાના
● ફી : ૧૫૦૦ રૂપિયા
● અઠવાડીયાના ૪ દિવસ શનિ, રવિ સાથે
● મેચ દર સોમવારે (Charges Applicable)
● સં. Viral Gala- 9819835566, Jigar Lapasiya-9819670643.

4/1/1(36) -------- **(B-24794)(5-10)**

શ્રી ગઢશીશા પાંજરાપોળ

શ્રી મુંબઈ ઓફિસે આવેલ રોકડનું દાન તથા દાતાશ્રીઓની અનુમોદના. આપશ્રીનું દાન, અબોલ જીવોને અભયદાન. ૧) રૂ. ૭,૦૦૦/- શ્રી અચલગચ્છ જૈન સંઘ - મુલુંડ પૂર્વ ૨) રૂ. ૬,૦૦૦/- શ્રી ગોરેગામ સ્થાનકવાસી જૈન સંઘ - મુંબઈ ૩) રૂ. ૫,૦૦૦/- સ્વ. લક્ષ્મીચંદ ઉમરશી સૈયા ના આત્મકલ્યાણાર્થે હસ્તે રચિત આશિષ સૈયા - ગેલડા /મલાડ ૪) રૂ. ૫,૦૦૦/- શ્રી ખીરાનગર સાન્તાકુઝ જૈન સંઘ - મુંબઈ ૫) રૂ. ૫,૦૦૦/- શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ - મુંબઈ ૬) રૂ. ૫,૦૦૦/- માતૃશ્રી હંસાબેન ખેતશી સુંદરજી દેઢિયા ની પુણ્યતિથિ નિમિત્તે ગઢસીસા / મુલુંડ ૭) રૂ. ૫,૦૦૦/- શ્રી કચ્છ આઠકોટી મોટી પક્ષ સંપ્રદાયના પૂજ્ય ઝરણાબાઈ મ. ના ૫૧માં સંયમ જીવનના પ્રવેશ નિમિત્તે હસ્તે માતૃશ્રી દેવકાબેન મેઘજી ભેદા ગામ કપાયા ૮) રૂ. ૫,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન ધીરેન દેઢિયા - મોથાળા / માહીમ ૭) રૂ. ૫,૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ - ગોરેગામ મુંબઈ ૧૦)રૂ. ૩૦૦૦/- શ્રી નિકુંજ નટવરલાલ વાસા- મુલુન્ડ ૧૧) રૂ. ૩૦૦૦/- શ્રી ભુપેન્દ્ર ડી શાહ તથા જ્યોતિબેન ભુપેન્દ્ર શાહ ૧૨) રૂ. ૨૫૦૦/- શ્રી કચ્છી વિસા ઓસવાલ જૈન સેવા સમાજ કુરલા - મુંબઈ ૧૩) રૂ. ૨૫૦૦/- શ્રી સપ્ત સરોવર હરિદ્વાર ગૌસેવા કેન્દ્ર-મુલુંડ મુંબઈ ૧૪) રૂ. ૨૫૦૦/- માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી મારૂ - ડેપા / દાદર હસ્તે નીરવ સુરેશ મારૂ ૧૫) રૂ. ૨૦૦૦/- ગામ બેરાજા હાલે લાલબાગના માતૃશ્રી પુષ્પાબેન માવજી મામણીયા તરફે ડોક્ટર વૈશાલી લોમેશ મામણીયાની નવમી પુણ્યતિથિ નિમિત્તે. દાતાશ્રીઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લી. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક - ૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ-૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(19) -------- **(A-24767)(5-11)**

શ્રી ગઢશીશા પાંજરાપોળ

વાર્ષિક નીરણ યોજના - (પ્રતિ ગાડી નકરો રૂપિયા ૪૧૦૦/-) નિમિતે આવેલ રોકડનું દાન આપશ્રીનું દાન, અબોલ જીવોને અભયદાન. ૧) રૂ. ૮૨૦૦/- ગામ માપર હાલે થાણાના અ.સૌ. રશ્મિબેન તુષાર કલ્યાણજી જાગાણી ની સિદ્ધાંચલની ૯૯ યાત્રા નિમિત્તે હસ્તે માતૃશ્રી હાસબાઈ ખીમજી જાગાણી પરિવાર તરફથી ૨) રૂ. ૮૨૦૦/- શ્રીમતી ફાલ્ગુની સંદીપ રામજી દેઢીઆ તરફથી સુપુત્ર મિત ના લગ્ન પ્રસંગ તારીખ ૦૭-૦૩-૨૦૨૬ નિમિતે પરિવાર તરફથી - ગઢસીસા ૩) રૂ. ૪૧૦૦/- ગામ ગઢસીસા હાલે માટુંગાના શ્રીમતી વિમળાબેન પ્રેમચંદ ઠાકરશી દેઢિયા ની ૫૧ મી લગ્નતિથિ નિમિત્તે ૪) રૂ. ૪૧૦૦/- એક સદગૃહસ્થના તારીખ ૦૬-૦૩-૨૦૨૬ નાં જન્મદિવસ નિમિતે પરિવાર તરફથી - ગઢસીસા ૫) રૂ. ૪૧૦૦/- શ્રીમતી પુષ્પાબેન મણિલાલ કેશવજી દેઢિયા - ગઢશીશા હસ્તે નેહા સાગર સાવલા-નાગ્રેચા ૬) રૂ. ૪૧૦૦/- શ્રી પ્રવીણભાઈ માલસી વિસરીયા અને નયનાબેન ની ૫૫ મી લગ્ન દિન પ્રસંગે-ગઢસીસા-અંધેરી. દાતાશ્રીઓએ ઘાસચારાનું દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર. લી. ટ્રસ્ટીઓ. શ્રી ગઢસીસા પાંજરાપોળ. સ્થાનિક - ૯૪૨૮૬૮૨૫૩૯, મુંબઈ-૭૬૬૬૧૨૨૨૧૮.

4/1/1(20) -------- **(A-24766)(5-12)**

માવિત્ર પરિવારની વ્હાલસોયી દિકરીને પ્રેમાંજલી

શ્રીમતી રમીલાબેન કાંતિલાલ ભાણજી નિસર

કચ્છ : દેવપુર ▪ હાલે : વિલેપાર્લા

જીવનયાત્રા : તા. ૨૮-૧૦-૧૯૫૦ થી તા. ૨૫-૦૩-૨૦૨૬

પરિવારમાં પ્રેમનો પમરાટ પ્રસરાવનાર
સાસરીયા પરિવારમાં
માવિત્રનુ કુળ અજવાળનાર
નાના-મોટા સૌ પ્રત્યે
આદર-માન ધરાવનારા તેમજ
માંદગીમાં મક્કમ મનોબળ સાથે
સમતાભાવ ધારણ કરનાર,
બહેન - ફુઈની આત્મા
સિધ્ધશીલાએ સ્થાન પામો
એજ પ્રાર્થના સહ
અશ્રુનયને શ્રદ્ધાસુમન અર્પણ...

લિ. શોકમગ્ન પરિવાર

માતુશ્રી કેસરબેન લીલાધર દેવજી માડ પરિવાર (શેરડી)

ભાઈ - ભાભી

ભારતી હેમત લીલાધર દેવજી માડ | **આશા શૈલેષ લીલાધર દેવજી માડ**

ભત્રીજા-ભત્રીજા વહુ

પાયલ મિલીન હેમત માડ
નાયશા મિલીન હેમત માડ (USA)
રીયાન – રીયોની મિલીન હેમત માડ

ઍડ. હેત્વી પારસ શૈલેષ માડ

ભત્રીજી-ભત્રીજીવર

વિરાલી મેહુલ દિનેશ ગોસર (શેરડી)
પનવ મેહુલ દિનેશ ગોસર

જીનાલી કેવલ જયેશ વોરા (બિદડા)
વામિકા કેવલ જયેશ વોરા

(CLB-24820)

લીલાધર દેવજી એન્ડ કું. - જુહુ ચર્ચ

BINITA S. MARU - 9869034162

ગામ : દેવપુર

પ્રાર્થના સભા

હાલે : વિલેપાર્લા (ઈ)

માતુશ્રી રમીલાબેન કાંતિલાલ ભાણજી આસુ નિસર

જીવનયાત્રા : તા. ૨૮-૧૦-૧૯૫૦ થી તા. ૨૫-૦૩-૨૦૨૬ ઉ.વ. ૭૫

જીવનમાં સાદગી અને મનમાં ધર્મ પ્રત્યેની ઊંડી શ્રદ્ધા....
ગુરુભગવંતો પ્રત્યે અહોભાવ એમની સેવા અને વૈયાવચ્છની પરમ ભાવના ધરાવનારા ધર્માનુરાગી નિર્મળ વ્યક્તિત્વની વિદાય..
હે પ્રભુ! દિવંગતશ્રીના આત્માને આપજો પરમ શાંતિ સાથે મોક્ષપદ એજ અંતરભીની પ્રાર્થના અમારી...

મોટા સાસુ-સસરા	:	માતુશ્રી લીલબાઈ આસુ રતનશી નિસર. . . . . દેવપુર
નાનાઈ સાસુ-સસરા	:	માતુશ્રી ધનબાઈ માણેક જીવરાજ દેઢિયા . . . . . ગઢશીશા
દાદી-દાદા	:	માતુશ્રી ડાઈબાઈ દેવજી ઉમરશી માડૂ . . . . . શેરડી
નાની-નાના	:	માતુશ્રી રાણબાઈ/મેઘબાઈ ગાંગજી ઉમરશી ગાલા. . . દેવપુર
સાસુ-સસરા	:	માતુશ્રી મમીબાઈ ભાણજી આસુ નિસર. . . . . દેવપુર
માતા-પિતા	:	માતુશ્રી કેસરબેન લીલાધર દેવજી માડૂ. . . . . શેરડી
જીવનસાથી	:	પુણ્યશ્લોકી કાંતિલાલ ભાણજી આસુ નિસર . . . . . દેવપુર

અંતિમ નિર્યામણા કરાવનાર : ઉપકારી ગુરૂમૈયા પ.પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.

પુત્ર - પુત્રવધુ
પ્રિતી મનિષ કાંતિલાલ નિસર . . . . . દેવપુર
અલ્પા દિપેન કાંતિલાલ નિસર. . . . . દેવપુર

પુત્રી-જમાઈ
મીનલ હર્ષલ જયંતિલાલ નાગડા . . . . . નરેડી

પુત્રી
પ્રિતી કાંતિલાલ ભાણજી નિસર . . . . . દેવપુર

પૌત્ર
મનન મનિષ કાંતિલાલ નિસર. . . . . USA - દેવપુર
જશ દિપેન કાંતિલાલ નિસર . . . . . દેવપુર

પૌત્રી
સ્મૃતિ મનિષ કાંતિલાલ નિસર . . . . . દેવપુર

દોહિત્ર
સ્મિત હર્ષલ જયંતિલાલ નાગડા. . . . . નરેડી
કેવલ હર્ષલ જયંતિલાલ નાગડા. . . . સ્કોટલેન્ડ – નરેડી

દેર-દેરાણી
પ્રેમિલાબેન વિસનજી ભાણજી નિસર . . . . . દેવપુર

નણંદ-નણંદોઈ
વેલબાઈ (કેસરબેન) દામજી ખીમજી ગડા . . . ગઢશીશા
કસ્તુરબેન મેઘજી પ્રેમજી ગાલા. . . . . દેવપુર

ભત્રીજા-ભત્રીજાવહુ
પ્રિતી જયેશ વિસનજી નિસર . . . . . દેવપુર
નયના નરેશ વિસનજી નિસર . . . . . દેવપુર

ભત્રીજી-ભત્રીજીવર
ગીતા (સ્નેહા) નિરવ નરેન્દ્ર વીરા. . . . . મેરાઉ

ભાણેજ-ભાણેજવહુ
ગીતા જયંતીલાલ દામજી ગડા. . . . . ગઢશીશા
જયા હરખચંદ દામજી ગડા . . . . . ગઢશીશા
પ્રેમલતા મણીલાલ દામજી ગડા. . . . . ગઢશીશા
ચંદ્રિકા ભરત દામજી ગડા. . . . . ગઢશીશા
કુસુમ કિર્તી મેઘજી ગાલા . . . . . દેવપુર
ભક્તિ મુલચંદ મેઘજી ગાલા . . . . . દેવપુર
રશ્મી અતુલ મેઘજી ગાલા . . . . . દેવપુર
પુનમ નીરજ મેઘજી ગાલા . . . . . દેવપુર

કુઈયાઈ સાસુ-સસરા
કુંવરબાઈ નાગજી પાલણ હરીયા. . . . . દેવપુર
ધનબાઈ આસુ જીવરાજ દેઢિયા. . . . . ગઢશીશા

કાકાઈ જેઠ-જેઠાણી
નાનબાઈ રાયશી સરવણ નિસર. . . . . દેવપુર

કુઈયાઈ જેઠ-જેઠાણી
પુરબાઈ નાનજી આસુ દેઢિયા. . . . . ગઢશીશા

કુઈયાઈ નણંદ-નણંદોઈ
લધીબાઈ દામજી ખેરાજ નાગડા . . . . . સણોસરા
મણીબેન કાનજી કુરપાર હરીયા . . . . . શેરડી

મામાઈ સાસુ-સસરા
કંકુબેન વીરજી માણેક દેઢિયા . . . . . ગઢશીશા
ખેતબાઈ ખીમજી માણેક દેઢિયા. . . . . ગઢશીશા
લક્ષ્મીબેન લીલાધર માણેક દેઢિયા . . . . . ગઢશીશા

માસીયાઈ સાસુ-સસરા
પુરબાઈ ખેતશી રવજી ગડા . . . . . નાના રતડીયા
નેણબાઈ માણેક ગણશી ગાલા . . . . દેવપુર–ગઢશીશા

પિયર પક્ષ

ભાઈ-ભાભી
ભારતી હેમત લીલાધર દેવજી માડૂ . . . . . શેરડી
આશા શૈલેષ લીલાધર દેવજી માડૂ . . . . . શેરડી

બેન-બનેવી
પ્રેમીલા દેવચંદ ખીમજી સાવલા . . . . . નાના રતડીયા
રક્ષા (સીતા) કાંતિલાલ કેશવજી જાગાણી . . . . . માપર

ભત્રીજા-ભત્રીજાવહુ
પાયલ મિલીન હેમત માડૂ . . . . . શેરડી
ઍડ. હેત્વી પારસ શૈલેષ માડૂ. . . . . શેરડી

ભત્રીજી-ભત્રીજીવર
વિરાલી મેહુલ દિનેશ ગોસર. . . . . શેરડી
જીનાલી કેવલ જયેશ વોરા. . . . . બિદડા

ભાણેજ-ભાણેજવહુ
પુનમ વિનીત દેવચંદ સાવલા . . . . . નાના રતડીયા
કિંજલ સાગર કાંતિલાલ જાગાણી. . . . . માપર
કૃતી CA નીલ કાંતિલાલ જાગાણી . . . . . માપર

ભાણેજી-ભાણેજીવર
કવિતા મનોજ નવિન વોરા. . . . . નારાણપર
પાર્મી સંદિપ લક્ષ્મીચંદ હરીયા. . . . . રાયધણજર

કાકી-કાકા
માનબાઈ મુરજી દેવજી માડૂ. . . . . શેરડી
હીરબાઈ હેમરાજ દેવજી માડૂ . . . . . શેરડી
હાંસબાઈ પચાણ દેવજી માડૂ . . . . . શેરડી

કુઈ-કુઆ
જેતબાઈ વેલજી ભારમલ ગાલા . . . . . કોટડા રોહા
નેણબાઈ કરમશી તલકશી નાગડા . . . . . કોટડા રોહા
કેસરબેન દેવરાજ રતનશી હરીયા. . . . . શેરડી

મામી-મામા
નિર્મલાબેન શાંતિલાલ (મંગલ) ગાંગજી ગાલા. . . દેવપુર

માસી-માસા
ગુલાબબેન હંસરાજ ચન્નાભાઈ દેઢિયા . . . . . ગઢશીશા
કસ્તુરબેન લખમશી કોરશી વિકમાણી . . . . કોટડા રોહા
લક્ષ્મીબેન લક્ષ્મીચંદ શામજી નિસર . . . . . દેવપુર
વાસંતીબેન પ્રેમજી દેવજી નાગડા. . . . . ઉનડોઠ

વેવાણ-વેવાઈ
કસ્તુરબેન નાનજી (દાદા) વેલજી નાગડા . . . . . નરેડી
વિમલાબેન જયંતીલાલ પ્રેમજી નાગડા . . . . . નરેડી
હિરામણીબેન લક્ષ્મીચંદ રવજી સાવલા . . . . . નાગ્રેચા

પરમ સ્નેહી
શ્રી વિલેપાર્લા અચલગચ્છ જૈન સંઘ (ઈ) . વિલેપાર્લા (ઈ)
અષ્ટમંગલ ગ્રુપ . . . . . વિલેપાર્લા (ઈ)
નિરંજન ગુણ મહિલા મંડળ . . . . . વિલેપાર્લા (ઈ)
સિદ્ધી એન્કલેવ સોસાયટીના રહેવાસીઓ વિલેપાર્લા (ઈ)
શુભ મંગલ ધામ સોસાયટીના રહેવાસીઓ વિલેપાર્લા (ઈ)
મીનાબેન રમેશભાઈ શાહ . . . . . વિલેપાર્લા (ઈ)
રમેશ હંસરાજ ચન્નાભાઈ દેઢિયા . . . . . અંધેરી (ઈ)
અલ્પેશ/જીતેશ પ્રેમજી દેવજી નાગડા . . . . અંધેરી (ઈ)
લાયન ડૉ. અશોક માડૂ . . . . . જામનગર
મહાવીર સ્ટીલ સ્ટાફ. . . . . કાલબાદેવી
અરૂણોદય ભક્તિ મંડળ . . . . . વિલેપાર્લા (ઈ)

ઋણ સ્વીકાર
આતમભાવ ગ્રુપ (ખારીમાની) . . . . . વડાલા
પાર્લા પરિવાર (અંતિમ વિધી સામગ્રી) . . વિલેપાર્લા (ઈ)
ડૉ. રાહુલ એમ. નાડકર્ણી. . . . . .

પ્રાર્થના સભા : રવિવાર, તા. ૨૯-૦૩-૨૦૨૬, સાંજે ૪ થી ૫.૩૦

સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર (વેસ્ટ) સંચાલિત શ્રી કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વેસ્ટ).

(લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.) (CLA-24819) ભક્તિ ગીત : દેવી છેડા / ગાલા (નવાવાસ) અને સાથી કલાકારો

ઉપરોક્ત નામમાં કોઈનું નામ શરત–ચૂકથી રહી ગયેલ હોય અથવા લખવામાં ભૂલ થયેલ હોય તો ક્ષમાયાચના...

નિવાસ : કાંતિલાલ નિસર, એ/૭૦૪, સિધ્ધી એન્કલેવ, નંદા પાટકર રોડ, વિલેપાર્લા (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.

મનિષ : 98210 99996 | દિપેન : 98203 59577 | મીનલ : 98199 01987

MAHAVIR STEEL CENTRE
Kalbadevi Road

ASHISH ELECTRONICS
Grantroad (E)

BINITA S. MARU - 9869034162

સંસ્થાકીય મિટીંગ

શ્રી બેરાજા આઠ કોટી મોટી પક્ષ
સ્થાનકવાસી જૈન સંઘ

પ.પુ. આચાર્ય શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો. પ.પુ. વર્તમાન આચાર્ય શ્રી નવિન મુનિ મ.સાને ચરણોમાં વંદન.

● આપણાં શ્રી સંઘની સામાન્ય સભા રવિવાર, તા. ૫-૪-૨૦૨૬, બપોરનાં ૩ થી ૫ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર (વે.) સંચાલિત શ્રી ડુંગરશી ધારશી મારૂ (સુવિધા) હોલ મધ્યે ૩જે માળે નિર્ધારીત થયેલ છે. સામાન્ય સભા અતિ અગત્યની હોવાને લીધે સૌ શ્રાવક-શ્રાવિકાએ હાજર રહેવા વિનંતી. એજન્ડા નીચે મુજબ રહેશે.

● (૧) સામાન્ય સભાનાં પ્રમુખ પદની વરણી.

● (૨) ૨૦૨૫નાં ચાતુર્માસના હિસાબની રજુઆત

● (૩) સંઘપતિશ્રી કલ્યાણજીભાઈની તબીયત નાદુરસ્ત રહેવાનથી નવા સંઘપતિની નિમણુંક.

● (૪) નવા કારોબારીની નિમણુંક.

● (૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે.

● તા.ક. : કોરમનાં અભાવે મુલત્વી રહેલ મીટીંગ અડધો કલાક બાદ તે જ સ્થળે મળશે. એમાં થયેલ કાર્યવાહી બધાને બંધનકર્તા રહેશે. ચા-નાસ્તાની વ્યવસ્થા છે. બધાએ સમયસર આવી જવું. (શ્રાવક તેમજ શ્રાવિકા બહેનો) લિ. સંઘપતિ : કલ્યાણજી ગાંગજી.

4/1/1(38) -------- **(A-24800)(8-1)**

સ્પીટી વેલી કુદરતની અજાયબી

સૂરિશ્વરોની દિવ્યકૃપાએ ૨૭/૫ થી ૧૪ દિવસ પ્રત્યેકનાં ૫૧૦૦૦ મુંબઈ થી મુંબઈ ૫ સીટ. ૨૭/૩ સુધી લખાવનાર બધાને લઈ જવામાં આવશે. ૯૦૨૯૨૭૩૯૭૦ વાસંતી શા ૯૯૨૦૩૫૨૩૭૯ લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરસી ગડા.

2/1/1(27) -------- **(B-24792)(8-2)**

માનવ જ્યોત ચેરીટેબલ ટ્રસ્ટ

● બારોઈ સ્થાનિકે ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મઠાંબાઈ ઉમરશી દેવશી મોતા જૈન ભોજનાલયના નિભાવ ફંડમાં

● માતુશ્રી કોકિલા મણીલાલ કેનીયાના પુત્ર અ.સૌ. કેતકી હિતેન કેનીયાના સુપુત્ર અ.સૌ. જીનીશા અંકિત કેનીયાના ઘરે સુપુત્રી કાયરાના જન્મની ખુશાલીમાં રૂ. ૧૧,૦૦૦/- નું અનુદાન તેઓશ્રીના પરિવારજનો તરફથી મળેલ છે. તેઓશ્રી તરફથી તા. ૨૯-૩-૨૦૨૬ ના રોજ મિષ્ટાન ભોજન રાખવામાં આવેલ. આપના પરિવારની અનુમોદના વારંવાર...

● સત્કાર્યમાં દરિયાદિલીથી જો દાન વરસે, તો માનવતાની મીઠી મહેક ચોમેર પ્રસરશે.

● મુંબઈ અને બહારગામ રહેનાર દાતાઓ તરફથી ડોનેશન NEFT રૂપે સ્વીકાર્ય છે.

● દાન માટે સંપર્કઃ કેકીન પ્રવીણચંદ્ર કેનીયા - ૯૮૨૦૪૫૭૧૯૭. લિ. ટ્રસ્ટીગણ.

4/1/1(6) -------- **(A-24796)(8-3)**

શ્રદ્ધાંજલિ

શ્રી પ્રેમજી ભાણજી ગડા (નાના ભાડીયા-આગ્રીપાડા) ને ૨૦મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

પ્રભુ સમીપે ૨૯-૩-૨૦૦૬.

● મેઘધનુષનાં સાત રંગોમાં વીલીન થઈ ગઈ જીવન સંધ્યા, ગડા પરીવારનાં આકાશમાં વ્યાપી ગયા મૃત્યુનાં શ્વેત શ્યામ પડછાયા. સચ્ચાઈ, સિધ્ધાંત, સાદગી, સત્કર્મો, સેવા ને સંસ્કારનાં સિંચ્યા તમે ભાથા...રહી હર પળ અમ હૈયે તમારા સંસ્મરણોની ગાથા, શબ્દોમાં સમાતી નથી વ્યાકુળ વ્યથા, આજકાલ કરતાં-કરતાં વિત્યા વર્ષ વીસ. આપની વસમી વિદાયને એક ઘડી પણ અમો ભુલી શક્યા નથી. ખરેખર, અતર જેવું જીવન જીવીને અમને તરબતર કરતા હતા તે સુવાસને હજુયે અમે ભુલ્યા નથી. આપનો દિવ્ય આત્મા પરમ પદને પામો એ જ પ્રભુને પ્રાર્થના. લિ. વનિતા પ્રેમજી ભાણજી ગડા તથા પુત્ર-પુત્રવધુ, પૌત્ર-પૌત્રવધુ, પૌત્રી, પરપૌત્ર-પરપૌત્રી સમસ્ત પરીવાર.

4/1/1(40) -------- **(B-24798)(8-4)**

કચ્છમાં જમીન માટે

વિકસતા કચ્છનાં ગાંધીધામ, મુંદ્રા, માંડવી તાલુકાનાં દરેક ગામોની ખેતી તથા બીનખેતી વાડી જમીન વેચવા તેમજ પ્લોટ લેવા કે તેમજ ભાડે લેવા કે આપવા સંપર્ક કરો. ગીરીશ સુંદરજી સાવલા : ગામ-ડોણ હાલે ભુજ. કચ્છ. મો. 9825220044, 9428294104.

4/1/1(37) -------- **(B-24801)(8-5)**

ધરતીનો સ્વર્ગ કાશ્મીર તુલીપ ગાર્ડન

સૂરિશ્વરોની દિવ્ય કૃપાએ ૧૪/૪માં ૫ સીટ અને ૯-૫ માં ૪ સીટ ૩૧/૩ સુધી નામો આવશે એ બધાને લઈ જવામાં આવશે ૯૦૨૯૨૭૩૯૭૦ વાસંતી શા ૯૯૨૦૩૫૨૩૭૯ લિ. ચન્દ્રપ્રભ મંડળ પ્રમુખ કિરણ વેરસી ગડા.

2/1/1(28) -------- **(B-24791)(8-6)**

ખાસ ઓફર - યુ એન્ડ આઈ ઓપ્ટીક્સ

ફક્ત ચશ્માની ફ્રેમ ફ્રી માં મળશે. ગ્લાસનો ચાર્જ આપવાનો રહેશે. વિધાર્થીઓ અને વરિષ્ઠ નાગરિકો માટે ખાસ ડિસ્કાઉન્ટ. દુકાન માલિક અને દુકાન સ્ટાફ માટે ખાસ ડિસ્કાઉન્ટ, હવે તમારા સ્પેક્સ હોલસેલ ભાવે મેળવો. અમારી પાસે બધા વય જૂથો માટે ખાસ ડિજિટલ ગ્લાસ છે. સરનામું: યુ એન્ડ આય ઓપ્ટિક્સ, હેરમ્બ આઈ હોસ્પિટલ, આર્ચીસ એપાર્ટમેન્ટ, બી-વિંગ, પહેલો માળો, ટંડન રોડસ, ડોંબિવલી (પૂર્વ). સ્મિત સુનિલ સાવલા (બેરાજા) - 9867990440.

4/1/1(31) -------- **(B-24786)(8-7)**

અવિસ્મરણીય લગ્નોત્સવનું અભિવાદન

ગામ વિઢ હાલે મુલુંડ ના અ.સૌ. યામિની અને શ્રી દિલીપ ખુશાલચંદ ગોસરના સુપુત્ર ચિ. જય તથા ગામ કપાયાના અ.સૌ. તારીકા અને શ્રી હસમુખ પ્રેમજી ગોગરીની સુપુત્રી ચિ. શિવાની ના તા. ૧૫-૩-૨૦૨૬ રોજ સેલીબ્રેશન સ્પોર્ટસ ક્લબ, લોખંડવાલા કોમ્પલેક્ષ, અંધેરી (વેસ્ટ) ખાતે યોજાયેલ શુભલગ્ન પ્રસંગે ક્વોલીટી કેટરીંગ સાથે ફુડઝોનના ડેકોરેશન, ડીશ પ્રેઝન્ટેશન સાથે સ્ટાફ મેનેજમેન્ટમાં અવ્વલ નંબર એવા અમૃત કેટરર્સ (મોટી ખાખર-ચેમ્બુર) ના શ્રી પ્રિયાંક દિનેશ ગંગર (મોબાઈલ ૯૮૧૯૧૧૧૧૧૨) નો અંતઃકરણથી આભાર. અનુમોદક : ગોસર તથા ગોગરી પરિવાર.

4/1/1(41) -------- **(B-24797)(8-8)**

અષ્ટમંગલનો એક મંગલ અસ્ત થયો...

પરમ સખી 'રમીલા'ને શ્રદ્ધા સુમન

શ્રીમતી રમીલાબેન કાંતિલાલ ભાણજી નિસર

દેવપુર - વિલેપાર્લા

અરિહંત શરણ : તા. ૨૫-૩-૨૦૨૬

તારી મૈત્રીનો એ સુંદર કાળ હવે ભુતકાળ થયો.
દરેક મુશ્કેલીમાં હાથ પકડનારું એ વ્યક્તિત્વ ગયું,
મૈત્રીના પુસ્તકનું જાણે આખું પ્રકરણ શાંત થયું.
રમીલા, તારી ખોટ કોઈ પૂરી શકશે નહીં,
તારા જેવી સખી અમને ફરી ક્યાંય મળશે નહીં.
તારી સાથે વિતાવેલી દરેક પળ,
આજે આંખે આંસુ બની વહી રહી છે,
આજે તું નથી છતાં તારી યાદો સાથ આપે છે,
દરેક શ્વાસમાં તું ક્યાંક જીવતી લાગે છે...
તું જતી રહી, પણ તારી છાપ રહી ગઈ,
અમારા દિલમાં તારી યાદો સદાય જીવંત રહી ગઈ...

(CLB-24823)

દમયંતી વિનીત નાગડા (મોથારા)

નિરંજના જયંતી મારૂ (બાડા) | **મધુ પ્રેમજી ગોસર (ડુમરા)**
રક્ષા કાંતી જાગાણી (માપર) | **હંસા તારાચંદ નાગડા (ડુમરા)**
વાસંતી મહેન્દ્ર છેડા (ગોધરા) | **ભારતી રમેશ ગડા (રાયધણજર)**

BINITA S. MARU - 9869034162

સ્નેહનો ધોધ વરસાવનાર બહેન, માસી / પ્રેમાળ બીજી મમ્મીને અશ્રુભીની આંખે ભાવાંજલી...

શ્રીમતી રમીલાબેન કાંતિલાલ નિસર

(દેવપુર - વિલેપાર્લા)

અરિહંત શરણ : તા. ૨૫-૩-૨૦૨૬

ભરી એવી ઉંચી ઉડાણ, ઘડીકમાં આપ અલોપ થઈ ગયા,
જીવ્યા ખમીરવંતુ જીવન, સૌને શોકમગ્ન કરી ગયા,
ફુલ બની સુહાસ મુકી ગયા, કિરણ બની પ્રકાશ ફેલાવી ગયા,
સદાબહાર હસ્તી એવી આપની મનોમૂર્તિને
પ્રેમના પુષ્પો ચડાવી કરીએ ભાવભરી વંદના.
પરમાત્મા આપના આત્માને પરમશાંતિ આપે અને મોક્ષગામી બનાવે.

આપના વાત્સલ્યપૂર્ણ વ્યવહારની ખોટ, આપની વિદાયથી વિહ્વળ બેન-બનેવી પરિવાર

પ્રેમીલા દેવચંદ ખીમજી સાવલા (નાના રતડીયા)

પુનમ વિનીત દેવચંદ સાવલા (નાના રતડીયા) - દિયા વિનીત
કવિતા મનોજ નવિન વોરા (નારાણપર) - પંછી મનોજ
(CLB-24822) પાર્મી સંદિપ લક્ષ્મીચંદ હરીયા (રાયધણજર) - દક્ષ સંદીપ

રક્ષા (સીતા) કાંતિલાલ કેશવજી જાગાણી (માપર)

લોહીના સંબંધથી પણ વિશેષ, જેમણે નિરંતર મમતાની હેલી વરસાવી,
માસીના રૂપમાં ઈશ્વરે જ જાણે અમને બીજી મમ્મીની છત્રછાયા આપી...
કિંજલ સાગર કાંતિલાલ જાગાણી (માપર) ▪ કૃતી CA નીલ કાંતિલાલ જાગાણી (માપર)

BINITA S. MARU - 9869034162



સખીતુલ્ય ભાભી બીના ને પિતૃવિયોગ અને વ્હાલા વીરા હરેશ જીવરાજ ગડા (મોથાળા) ને પિતા તુલ્ય સસરાનો સંતાપ

વડિલ વેવાઈશ્રીને આદરાંજલી

શ્રી વીરચંદભાઈ પોપટલાલ હંસરાજ બૌઆ

નાની તુંબડી - બોરીવલી

દેહવિલય : તા. ૨૬-૩-૨૦૨૬

એક વડલો પડ્યો ને છાયા ઓસરી ગઈ, જીવનની કેડી પર એક ખાલીપો મૂકી ગઈ....
આકાશનો સિતારો બનીને તેઓ ચમકશે, દરેક પળે તમારા જીવનમાં માર્ગદર્શન કરશે...

આપની અસહનીય વેદનાની પળોમાં તમારી પડખે ઊભા રહેનારા..તમારા પિતાશ્રીના આત્મકલ્યાણની પ્રાર્થના કરતા....

બીના ના નણંદ-નણંદોઈ પરિવાર

(CLB-24826)

નલીની ડૉ. મહેન્દ્ર ચાંપશી મારૂ (બિદડા-USA)
ડૉ. અમી ડૉ. શાર્દુલ પંકજ શાહ (USA)
સિયોના શાર્દુલ શાહ, આરવ શાર્દુલ શાહ
ડૉ. અવની ડૉ. શ્રેણીક મુકેશ શાહ (USA)
સમ્યક શ્રેણીક શાહ, અસ્મી શ્રેણીક શાહ

જ્યોતિ હરીશ કાંતીલાલ સાવલા (કોડાય)
જીનલ સંકેત હરીશ સાવલા
હેતીકા સંકેત સાવલા, ધ્રુવ સંકેત સાવલા
બીજલ પરીન પ્રદિપ શાહ (રાયણ)
જીવીન પરીન શાહ

BINITA S. MARU - 9869034162

કચ્છ : નરેડી — **અરિહંતશરણ** — હાલે : દહાણું

માતુશ્રી દેવકાબેન મણશી મુરજી નાગડા

અરિહંતશરણ : તા. ૨૬.૩.૨૦૨૬ • ઉં.વ. ૮૬

સંસારીક જીવનની ફરજોનું સ્નેહભાવે વહન કરનારા, વ્યવહારદક્ષ, કુટુંબપ્રેમી, કરૂણાહૃદયી અને જીવમાત્ર પ્રત્યે દયા-અનુકંપા દર્શાવનારા, ધર્મથી જીવનને અલંકૃત કરનારા માતુશ્રી ધૂપસળી સમ લાગણીસભર સ્મૃતિઓની સુહાસ ફેલાવી ગયા. વાત્સલ્યમૂર્તિનો આત્મા સિધ્ધ ગતિને પામો એજ પ્રાર્થના સહ ભાવવંદના.

સાસુ-સસરા : **માતુશ્રી રાણબાઈ મુરજી ઉકા નાગડા .....નરેડી**
માતા-પિતા : **માતુશ્રી ખેતબાઈ નેણશી નાગશી ગાલા .....કોટડા-રોહા**
પતિ : **પુણ્યશ્લોકી મણશી મુરજી નાગડા.....નરેડી**

પચ્ચ્ખાણદાતા : **પ.પૂ. સા.શ્રી યશાશવિરેખાશ્રીજી મ.સા. ....ભુવનભાનુ સમુદાય**

પુત્રી-જમાઈ
નીરૂ રાજેન્દ્ર પ્રેમજી ગાલા.....માપર/દહાણું
કલ્પના ચેતન પ્રેમજી ગાલા.....વડાલા
મીના કિરણ ભવાનજી વોરા.....દેવપુર
જયશ્રી જયેશ હિંમતલાલ ગાંધી.....સાવરકુંડલા

દોહીત્ર-દોહીત્રવધુ
દીક્ષા યશેષ ચેતન ગાલા .....વડાલા

દોહીત્રી-દોહીત્રીવર
કિંજલ દેવાંશ પરેશ સંઘવી.....રાજુલા

દોહીત્ર-દોહીત્રી
વિરલ રાજેન્દ્ર ગાલા.....માપર
તનય રાજેન્દ્ર ગાલા.....માપર
જેનિલ કિરણ વોરા.....દેવપુર
માનસી જયેશ ગાંધી.....સાવર કુંડલા
વિધિ જયેશ ગાંધી .....સાવર કુંડલા

જેઠ-જેઠાણી
ખેતબાઈ દેવજી મુરજી નાગડા.....નરેડી
કુંવરબાઈ કલ્યાણજી મુરજી નાગડા .....નરેડી

નણંદ-નણંદોઈ
હિરાબેન લાલજી ગડા .....ગઢશીશા
નાથબાઈ પ્રેમજી ગડા .....ડુમરા
વેલબાઈ દેવજી વસાઈયા ગોસર.....દેવપુર
કસ્તુરબેન આસુભાઈ દેઢિયા.....કોટડા-રોહા

ભત્રીજા-ભત્રીજાવહુ
દમયંતી ધીરજ દેવજી નાગડા .....નરેડી
પ્રબોધ દેવજી નાગડા .....નરેડી

ભત્રીજી-ભત્રીજીવર
મણીબેન લક્ષ્મીચંદ પ્રેમજી કારાણી.....ડુમરા
વીણાબેન પોપટલાલ લીલાધર છેડા.....ગોધરા
ધનવંતી કાંતિલાલ વિસનજી ગડા.....ખારૂઆ
હેમલતા પ્રેમજી પચાણ મારૂ.....શેરડી
જવેરબેન ભવાનજી વિસનજી ગડા .....ખારૂઆ
કસ્તુરબેન દામજી હેમરાજ ગાલા .....કોટડા-રોહા
દીના રમેશ મણીલાલ સાવલા .....નાની તુંબડી

ભાણેજ-ભાણેજવહુ
અમૃતબેન જીવરાજ ગડા .....ગઢશીશા
પદ્માબેન માલસી ગડા .....ડુમરા
દેવકાબેન હેમરાજ ગડા.....ડુમરા
ગંગાબેન રતનશી ગડા.....ડુમરા
મુલબાઈ હેમરાજ દેવજી ગોસર.....દેવપુર/વિજયવાડા
લક્ષ્મીચંદ દેવજી ગોસર.....દેવપુર
પલ્લવી હંસરાજ દેવજી ગોસર.....દેવપુર
રાણબાઈ શામજી દેવજી ગોસર.....દેવપુર

દમયંતીબેન મુલચંદ દેઢિયા .....કોટડા-રોહા
શશીકલા પ્રેમજી દેઢિયા .....કોટડા-રોહા
જયશ્રી જયેશ દેઢિયા.....કોટડા-રોહા
કેતકી મહેશ દેઢિયા .....કોટડા-રોહા
દક્ષા જીતેશ દેઢિયા.....કોટડા-રોહા

ભાણેજી-ભાણેજીવર
લક્ષ્મીબેન લખમશી વિકમાણી .....કોટડી (મ.)
લક્ષ્મીબેન વેલજી હરીયા.....ડુમરા
દેવીબેન મેઘજી છેડા.....હાલાપુર
જવેરબેન લાલજી લીલાધર વિસરીયા.....ગઢશીશા
દેવકાબેન ખેરાજ લખમશી ગાલા .....શેરડી
ચંચળબેન ગોવિંદજી લીલાધર દેઢિયા.....ગઢશીશા
સુંદરબેન મુરજી રતનશી દેઢિયા .....ગઢશીશા
પ્રેમીલાબેન કાંતિલાલ વિછીવોરા .....ગઢશીશા
રમીલાબેન મોહન સોની.....બાંભડાઈ

નાનાઈ સાસુ-સસરા
પમીબાઈ મુરજી કારાણી .....મકડા

મામાઈ સાસુ-સસરા
વાલબાઈ વેરશી મુરજી કારાણી .....મકડા
ખેતબાઈ ઠાકરશી મુરજી કારાણી.....મકડા
મમીબાઈ લખમશી મુરજી કારાણી .....મકડા

માવિત્ર પક્ષ

ભાઈ-ભાભી
લીલાવંતીબેન રાજપાર નેણશી ગાલા .....કોટડા-રોહા
રૂક્મણીબેન રતનશી નેણશી ગાલા .....કોટડા-રોહા
હેમલતાબેન મણીલાલ નેણશી ગાલા .....કોટડા-રોહા

બેન-બનેવી
મણીબેન રતીલાલ ગાંગજી નાગડા.....નરેડી
મંજુલાબેન મગનલાલ ભવાનજી વોરા .....વરંડી મોટી

ભત્રીજા-ભત્રીજાવહુ
રમીલા હરખચંદ રાજપાર ગાલા .....કોટડા-રોહા
રીટા રાજેશ રતનશી ગાલા .....કોટડા-રોહા
શ્વેતા પરેશ મણીલાલ ગાલા.....કોટડા-રોહા

ભત્રીજી-ભત્રીજીવર
પુષ્પા હિરેન મુરજી ગડા.....નાના રતડીયા
માલતી નિલેશ દેવજી કારાણી .....ખારૂઆ
પ્રીતિ કેતન કેશવજી નાગડા.....ડુમરા
કુસુમ અમીત હસમુખ પટેલ.....અટલાડરા
ભાવના હિતેન શામજી નિસર .....દેવપુર
અમીતા જીગ્નેશ જીવરાજ વોરા.....વરંડી મોટી

ભાણેજ-ભાણેજવહુ
સવિતા અતુલ રતીલાલ નાગડા.....નરેડી
દિક્ષીતા જતિન મગનલાલ વોરા.....વરંડી મોટી

ભાણેજી-ભાણેજીવર
દક્ષા જીતેશ આસુભાઈ દેઢિયા.....કોટડા-રોહા
ડિમ્પલ ભાવેન તલકશી હરીયા.....બાડા
નીશા હેમંત યશવંત ગોમાણી .....રાજાપુર

કાકા-કાકી
પાનબાઈ ખીમજી નાગશી ગાલા .....કોટડા-રોહા
મુલબાઈ રવજી નાગશી ગાલા .....કોટડા-રોહા
મીઠાબાઈ પચાણ નાગશી ગાલા .....કોટડા-રોહા

કુઈ-કુઆ
જેતબાઈ ભુલા .....ડુમરા
ભચીબાઈ કુંવરજી .....મોથાળા
તેજબાઈ શામજી શિવજી સાવલા .....મોથાળા

નાના-નાની
રાણબાઈ મણશી દેવજી મોતા.....દેવપુર

મામા-મામી
દેવાબાઈ લાલજી મણશી મોતા.....દેવપુર
સોનબાઈ કાનજી મણશી મોતા.....દેવપુર

માસી-માસા
જેતબાઈ લીલાધર તલકશી નાગડા.....કોટડા-રોહા
કંકુબેન વેરશી આસુ પાસડ .....કોટડા-રોહા
મેઘબાઈ કલ્યાણજી ટોકરશી નાગડા .....નરેડી

વેવાણ-વેવાઈ (પ્રથમ પેઢી)
ગંગાબેન પ્રેમજી માલસી ગાલા.....માપર
હેમકુંવરબેન પ્રેમજી લાલજી ગાલા.....વડાલા
કલ્યાણીબેન ભવાનજી મેઘજી વોરા .....દેવપુર
હંસાબેન હિંમતલાલ ગાંધી .....સાવર કુંડલા

વેવાણ-વેવાઈ (બીજી પેઢી)
નમિતાબેન બ્રિજેશભાઈ જયસ્વાલ.....બોરીવલી
પલ્લવીબેન પરેશભાઈ સંઘવી.....રાજુલા

પરમ સ્નેહી
શ્રી દહાણું ક.વિ.ઓ. પરિવાર.....દહાણું
નિધી રેસીડેન્સીના રહેવાસી પરિવારો .....દહાણું

ધર્મનું શ્રમણ કરાવનારા
ભાવનાબેન પંકજ ગોગરી.....ત્રગડી/દહાણું

વિશેષ આભાર
વિપુલભાઈ ગાલા.....બાડા
પ્રકાશભાઈ છેડા.....ગોધરા
નરેશભાઈ પટેલ .....દહાણું

સેવક-સેવિકા
જુજુવાસ ડિસોઝા, ગીતાબેન ગાલા .....દહાણું
લલિતાબેન, લક્ષ્મીબેન .....દહાણું

નમ્ર નિવેદન : પ્રાર્થના સભા રાખેલ નથી. • લૌકીક વહેવાર બંધ છે.

સદ્ગતશ્રીના આત્મશ્રેયાર્થે ૧૨ નવકારનું સ્મરણ કરવું. • ફોન/વોટ્સએપ/મેસેજ રૂબરૂતુલ્ય ગણશોજી.

નિવાસ : **રાજેન્દ્ર પ્રેમજી ગાલા** : A/301-302, નિધી રેસીડેન્સી, H.M.P. સ્કુલની બાજુમાં, દહાણું રોડ (વેસ્ટ), જીલ્લો પાલઘર - 401602.

રાજેન્દ્ર ગાલા	નીરૂ ગાલા	કલ્પના ગાલા	મીના વોરા
મો. 9823406967	મો. 9823143573	મો. 9890518964	મો. 9820254911

(CLA-24758)

ઉપરોક્ત સગાં-સંબંધીઓની નામાવલીમાં શરતચુકથી કોઈનું નામ રહી ગયું હોય અથવા કોઈ ભુલચુક હોય તો ક્ષમાયાચના, મિચ્છામી દુક્કડ્મ

છાપાના છેડા : 9322663819

(CLB-24730)

લગ્ન સંબંધી

વેલસેટ એજ્યુકેટેડ સંસ્કારી યુવક

ચિ. હરીન જીનેશ છેડા ❑ ટુંડા/જબલપુર

D.O.B. & Place : **14/01/1998 (Jabalpur)**
Time of Birth : **1 : 48 am**
Mother Tongue : **Kutchhi**
Height : **6 feet** • Weight : **85 Kg.**
Education : Schooling from Little World
B.E. in Electricals from Gyan Ganga - Jabalpur
Occupation : Business at Jabalpur
Vijay Electricals - NX

કૌટુંબીક વિગત

પપ્પા : **શ્રી જીનેશ સુરજી છેડા (Jyoti Hardware Stores - Jabalpur)**
મમ્મી : **શ્રીમતી શીલા જીનેશ છેડા (Housewife)**
ભાઈ-ભાભી : **અ.સૌ. પૂજા દર્શક છેડા (Gippson Industries - Jabalpur)**
દાદાણા : **માતુશ્રી જવેરબેન સુરજી નરશી છેડા (ટુંડા)**
નાનાણા : **માતુશ્રી રેખાબેન રમણીકલાલ ચાંપશી ગડા (સાભરાઈ/જબલપુર)**
નિવાસ : ૨૦૪, દત્ત ટાવર્સ, શાસ્ત્રી બ્રીજની બાજુમાં,
નેપિયર ટાઉન, જબલપુર (મ.પ્ર.) - ૪૮૨૦૦૧.

સંપર્ક : શીલાબેન : મો. 9425384729 • 9399446983

પ્રેમાળ - લાગણીશીલ સુકન્યાના વડીલો તરફથી સંપર્ક આવકાર્ય.

ફોટો ડુપ્લિકેટ : 9322263819

(CLC-24768)

।। શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર સૂરિભ્યો નમઃ ।।

શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ આયોજિત

એડ્રેસ : દામજી મેઘજીનો માળો, પહેલે માળે, ૨૧ - કેશવજી નાયક રોડ, ભાતબજાર, મું - ૦૯. સમય : બપોરે ૧૨ થી ૪.૩૦ વાગ્યા સુધી.

પ્રેરક-સંસ્થાપક અને દિવ્યકૃપા : શાસનસમ્રાટ, રાષ્ટ્રસંત, ભારતદિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

દિવ્ય આશિષ : તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આજ્ઞા અને શુભાશિષ : સાહિત્યરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

ચાલો આ વર્ષે મહાવીર જન્મકલ્યાણકના દિવસથી પ્રભુ વીરને વધુ જાણવાનો પ્રયાસ કરીએ..

શ્રી મહાવીર સ્વામી જીવન ચરિત્ર પ્રશ્નાવલી

ઘર બેઠા પરીક્ષાનું પ્રશ્નપત્ર

પ્રભુવીરના જીવનચરિત્ર ને લગતાં કુલ-500 માર્કસનો પ્રશ્નપેપર તા. 30.03.2026 થી નીચેના સ્થળોએથી મેળવી શકશો. આપ ઘરે બેઠાં આ પેપર ભરી શકશો. આ પેપરના જવાબો સ્વ સંશોધન કરતા કરતા આપના જીવનમાં પ્રભુવીરના જીવનચરિત્રનું અનેક વિશેષજ્ઞાન પ્રાપ્ત થશે અને તેમના પર વધારે અહોભાવ જાગશે.

કિંમત રૂ. 50/-

ઉત્તરપત્ર મોકલવાની અંતિમ તા. 15.05.2026

આકર્ષક ઈનામોની વણઝાર

પ્રથમ ઈનામ - Rs. 11,000/-
દ્વિતીય ઈનામ - Rs. 9,000/-
તૃતીય ઈનામ - Rs. 7,500/-
ચતુર્થ ઈનામ - Rs. 6,000/-
પંચમ ઈનામ - Rs. 5,000/-

: નોંધ : ૩૫૦ કે તેથી વધુ માર્કસ લાવનાર બધાને આશ્વાસન ઈનામ આપવામાં આવશે.

(*2148)

પ્રશ્નપેપર પ્રાપ્તિ સ્થળો - સેન્ટરો પરથી પેપર મેળવવાની અંતિમ તા. 18.04.2026

સંસ્થાની ઓફિસ - ભાતબજાર - 8369928629
લાલબાગ સંઘ દેરાસર - નિખીલ હરિયા: 9820456996
માટુંગા સંઘ-સહસ્રફણા - દેરાસર: 9820610875
ચેમ્બુર સંઘ - ભરત સાવલા: 9821206631
ઘાટકોપર જીરાવલ્લા સંઘ - કિરણભાઈ: 9819693991
પંતનગર સંઘ (ઘાટકોપર) - રીમા ગાલા: 9892883010
ભાંડુપ KVO સંઘ - રાજેશ પાસડ: 9004999888
ભાંડુપ KDO સંઘ - હીરાચંદભાઈ: 9869828386
મુલુંડ(વે.) સંઘ - ઝવેરરોડ - સરલાબેન: 8850701043
થાણા સંઘ-ઋષભ અજિત - હરેશભાઈ: 9930094577
ડોમ્બીવલી સંઘ-સુવિધિનાથ - વસંતભાઈ: 8898823899
તારદેવ સંઘ - સંજયભાઈ ગાલા: 9323196711
દાદર(વે.) સંઘ - પ્રવિણાબેન શાહ: 9833446625
સાંતાક્રુઝ (ઈ.) સંઘ કલિકુંડ - રમેશભાઈ: 8082283294
સાંતાક્રુઝ (વે.) સંઘ - ઓફિસ: 7718933199
પાર્લા (ઈ) સંઘ - મહેન્દ્રભાઈ: 9820206033
ગોરેગામ (વે.) સંઘ - દેવેન્દ્રભાઈ: 9773178757
મલાડ (ઈ)સંઘ - કિરણભાઈ: 9869563515
કાંદિવલી (વે) સંઘ - હરેશ પાસડ: 9820987744
બોરીવલી (વે) સંઘ - મનીષ મામણિયા: 9820072425
દહીંસર સંઘ - રેખાબેન વીરા: 9819802245
નાલાસોપારા(ઈ) સંઘ - ભવાનજીભાઈ: 9970661440

GALA RINKAL : 9870834031

લિ. શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ

બહારગામના સંઘો માટે અને વિશેષ માહિતી માટે સંપર્ક : જતીન મોરારજી છેડા - 9821064216

ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર

એન્કરવાલા અહિંસાધામ(મુન્દ્રા - કચ્છ)

૨૯૦૦ થી વધુ અબોલ - નિરાધાર પશુ - પક્ષીઓનું આશ્રય અને પર્યાવરણધામ

આદરણીય જીવદયાપ્રેમી

પ લકકી ડ્રો
ગોકુળધામ આવાસ યોજના
(વિભાગ નં ૮)

શનિવાર, તા: ૦૪.૦૪.૨૦૨૬,
બપોરે ૩.૦૦ કલાકે



સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલિત
કરસન લધુ નિસર હોલ, કબૂતરખાના પાસે, દાદર(વે)

લિ.: અહિંસાધામ પરિવાર | સંપર્ક: 97264 85555/97267 95555

જા.ખ.સૌ. : ભાનુ પ્રોપર્ટીઝ- શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા
98211 60529 - સ્વચ્છ ભારત

(CLB-24748)

Nehal Nagda- 96643 93395



(CLC-24756)

NEXT HOLIDAYS

For bookings call : Miket Pasad
8108222226 - 9920222226
www.nextholidays.in

।। ૐ હ્રીં શ્રી અનંતનાથાય નમઃ ।। ।। ૐ હ્રીં શ્રી મહાવીરાય નમઃ ।। ।। ૐ હ્રીં શ્રી ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ગ્રંથોનું અધ્યાપન અને સંરક્ષણ ઘડતર કરતી આદર્શ પ્રાચીન સંસ્થા

શ્રી સદાગમ પ્રવૃત્તિ સંસ્થા કોડાય(કાશી), કચ્છ

સ્થાપના: વિ. સં. ૧૯૩૦ ફા. વ. ૩, સ્થાપક : શ્રી હેમરાજ ભીમશી વિસરીયા

સ્થળ : શ્રી મહાવીરસ્વામી જૈન મંદિર, પો. કોડાય, તા. માંડવી, કચ્છ

સંપર્ક : 121, Pratima, Lane 5, Hindu Colony, Dadar(E), M - 14. Mobile No. 9892825725 / 9323314212

લેખ ૧૦. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાની ત્યાગદીપિકાઓ

૧. શાંતમૂર્તિ જેવુબહેન

ભગવા વસ્ત્રો કે સાદો કચ્છનો વેશ પહેરવાથી સાધુ નથી બનાતું. જીવનમાં ત્યાગ, તપ, સંયમ, જ્ઞાન, સેવા, ભક્તિ, સર્વ માટે કલ્યાણની ભાવનાથી જ સાધુત્વ મળે છે. આ ગુણોથી જ સાધુત્વ-સાધ્વીપણું પ્રગટે છે. 'નમો લોએ સવ્વસાહૂણં' એ મંગળ સૂત્રનો આ જ ભાવાર્થ છે. આપણા દેશમાં આવાં સાધુચરિત સ્ત્રીપુરુષોએ સંસ્કૃતિને ઉદાત્ત બનાવી છે, લોકોને જીવનનો અર્થ પણ દર્શાવ્યો છે.

કચ્છ જેવા દૂરના પ્રદેશમાં પણ આવી જ એક સાધુચરિત સ્ત્રીએ આદર્શ જીવનની પ્રેરણા આપી. લગભગ ૧૫૦થી થોડાક વધુ વર્ષ થયાં હશે. કચ્છનાં એક નાનકડાં ગામ નાની ખાખરમાં સંવત ૧૯૨૪માં શ્રી તાલા નથુને ત્યાં એક કન્યાનો જન્મ થયો. એનું નામ રખાયું જેવુબાઈ. માતાનું નામ ઉમઈબાઈ હતું. પરિવારમાં બીજા બે ભાઈઓ અને બે બહેનો હતાં. જેવુબહેનનાં લગ્ન કોડાયમાં રહેતા જેવત નાગશીના પુત્ર મોણશી સાથે થયાં. પણ કમનસીબે તેમનું લગ્નજીવન ક્ષણિક નીવડ્યું. જેવુબહેન નાની ઉંમરમાં વિધવા થયાં. શ્વસુર અને પિતૃ બંને પરિવારો આઘાતમાં સરી પડ્યા. તેમને ચિંતા હતી કે જેવુબાઈનું શું થશે ? સંસારવ્યવહારનો ખ્યાલ નથી અને યુવાનીમાં પણ પ્રવેશી નથી એવી લાડકી જેવુબાઈના વૈધવ્યથી કુટુંબમાં અરેરાટી થઈ ગઈ.

દુઃખના આ વાવાઝોડાં સામે ભલે હળવી અને આછી સુખની લહેરખી હતી. તેઓનું સાસરું કોડાયમાં હતું. કોડાયમાં હોવું અને સદાગમ સંસ્થા પ્રવૃત્તિનો ખ્યાલ ન હોય એવું તો ન જ બને. તેમને સુખની આ લહેરખી દ્વારા દુઃખની વિદારક પીડામાં શાતા મળવા લાગી. આગળ જતાં વાવાઝોડું શમતું ગયું અને સદાગમરૂપી લહેરખી જ પ્રસરી રહી. એના થકી એમનું જીવન સુંદર રંગભર્યા સુંગધી ફૂલોથી શોભી ઊઠ્યું. મહેકી ઊઠ્યું. સત્સંગના નિર્મળ જળ, જ્ઞાનનું ઉર્વરક અને ચારિત્ર્યની સુરક્ષિત રેખા મળી જતાં જીવન ધન્ય બની ગયું.

જેવુબાઈમાં રહેલ ત્યાગ, વૈરાગ્ય, સાદાઈ અને સેવાના સંસ્કાર પ્રબળ બનતા ગયા. તેમણે સંસ્કૃત, પ્રાકૃત ભાષા અને શાસ્ત્રોનો અભ્યાસ સદાગમમાં કર્યો. આ અભ્યાસને કારણે તેમની જ્ઞાનપિપાસા વધતી ગઈ. એને સંતોષવા, વધુ જ્ઞાનપ્રાપ્તિ માટે ભુજ અને અમદાવાદ પણ ગયાં. એક વખત સદાગમના બહેનો વધુ અભ્યાસ માટે શ્રી વીરબાઈ જૈન પાઠશાળા પાલીતાણા ગયાં. ત્યાં સદાગમમાં અભ્યાસ કરી ગયેલા ભક્ત કવિ શિવજીભાઈ મઢડાવાળા મેનેજર હતા. સદાગમના આપ્તજનો સમા નિવાસીઓને મળીને તેઓને પારાવાર આનંદ થયો. ત્યાંના પંડિતજી તો પાઠશાળામાં રોકાયેલા હતા. તેમને સમય જ નહોતો. એટલે સહુએ બપોરે સાથે મળીને અભ્યાસ પ્રારંભ કર્યો. શિવજીભાઈ કાવ્ય વાંચે અને પરસ્પર સહયોગથી અભ્યાસ આગળ ચલાવતા. જ્ઞાનતૃપ્તિ માટેની કેટલી અદમ્ય જીજ્ઞાસા !

બહેનશ્રી જેવુબાઈ જ્ઞાનચર્ચા, કથાવાર્તા, ઉપદેશ, ભજનો, નિયમિત, ધ્યાનપૂર્વક સાંભળતાં. ક્યારેક કોઈ ભાવસભર રચના સાંભળતાં તેઓનું સુકોમળ હૃદય છલકાઈ ઊઠતું. ભક્તિમાં તલ્લીન થઈ જતાં ત્યારે નયનોમાંથી અમી ઝરતાં. પોતાનાં અંતરને વિશુદ્ધ કરતાં ધીરે ધીરે સાધનાપંથે આગળ વધી ઉચ્ચ સ્થિતિએ પહોંચવા ઝંખતાં હતાં.

આમ તેમનામાં અપાર શાંતિ પ્રસરતી રહી. રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયોથી દૂર થતાં ગયાં. કોઈને પણ દુભવવાને પાપ માનતાં. મધુર વચનોથી સહુ કોઈને જીતી લેતાં. પળેપળને આત્મનિરીક્ષણથી સાર્થક કરતાં. તેઓ હંમેશાં કહેતાં કે 'જીવને કર્મ નચાવે છે. હસતાં હસતાં બાંધેલાં કર્મ રોતાં રોતાં પણ છૂટતાં નથી.' દોષદ્રષ્ટિ તો હતી જ નહીં. 'મારામાં અનેક દોષો છે તો બીજાના દોષ જોવાનો મને શો અધિકાર છે ?' એવું કહેતાં જેવુબાઈનો ગુણાનુરાગ સૌને પ્રેરિત કરતો.

આવાં સેવામૂર્તિ, ત્યાગમૂર્તિ, ગુણમૂર્તિને સાધ્વી સમું માન મળે જ ને ?

સંવત ૧૯૯૦નાં મહા વદ એકમ ની રાત્રે તેમનો આત્મા અરિહંત સ્મરણ કરતાં કરતાં મહા ચેતનામાં વિલીન થઈ ગયો.

: www.sadagam.org : sadagampravrutti **લિ. ટ્રસ્ટીગણ**

NEEL PARI : 9322299742

(*2153) : જાહેરાત સૌજન્ય :
Riddhi Siddhi Gold
રિધ્ધી સિધ્ધી ગોલ્ડ
રાજેશ /ધવલ સાવલા
9326397471 / 25617799
૭, એકનાથ એપા. એમ. જી. રોડ, મુલુંડ(વે.).

કેનીયા મેન્ગોજ

કોકણના બેસ્ટ અલ્ફાન્સો મેન્ગોજ
હવે ખેતરથી સીધા તમારા ઘરે...

- 100% Carbide Free
- Farm Fresh
- Original Alphonso's
- Grade 1 Quality
- Doorstep Delivery



(CLC-24771)

100% organic

હોલસેલ અને રિટેલ ભાવમાં

::: વધુ વિગત માટે સંપર્ક :::

હિતેન કેનીયા (બારોઈ-ચેમ્બુર)
87792 64846 | 91377 91945

UPASANA - 9820167767

શ્રી ડોંબિવલી ક.વિ.ઓ. સેવા સમાજ

કાર્યાલય : માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા) સભાગૃહ, સુયોગ અપાર્ટમેંટ, ઉર્સેકર વાડી, ડોંબિવલી (ઈસ્ટ)
ફોન : 9820928799 ● કાર્યાલયનો સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૮ (રવિવારે સવારે ૯ થી ૧૨)

અસાધારણ સામાન્ય સભા
EXTRA-ORDINARY GENERAL MEETING (EGM)

સંસ્થાના આજીવન સભ્યોની અસાધારણ સામાન્ય સભા રવિવાર , તા.૦૫.૦૪.૨૦૨૬ ના રોજ સાંજના ૫.૦૦ કલાકે સંસ્થાના પરિસરમાં રાખવામાં આવેલ છે.

: એજેન્ડા :

- વર્ષ ૨૦૨૬-૨૦૨૯ ના બિનહરીફ ચૂંટાયેલા સભ્યોમાંથી ૧૩ જણના આવેલ રાજીનામા બાબત ચર્ચા.

: નોંધ :

- કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે દિવસે તે જ સ્થળે અડધા કલાક પછી મળશે જે કાયદેસર ગણાશે.
- ચા-નાસ્તા ની વ્યવસ્થા રાખેલ છે.

(*2149) લિ. કાર્યકારી પ્રમુખ

જાહેરાત સૌજન્ય | શ્રીમતી જયાબેન ભાઈલાલ કુંવરજી ગાલા (રાજહંસ પરિવાર - દેવપુર/ડોંબિવલી)

Ketan Maru 9874887387

શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન સંચાલિત શ્રીમતી મંજુલાબેન માવજી શેઠિયા પાંજરાપોળ

એડ્રેસ : રૂમ નં.૧૮, ૨-જે માળે, બાલાજી બિલ્ડીંગ નં.૨, માધવવાડી, કૈલાશ લસ્સીની સામે, એમ.એમ.જી.એસ.રોડ.
દાદર (ઈ), મું-૧૪. ફોન નં. : ૯૩૨૬૨૩૯૯૬૩, ૯૭૬૯૩૬૮૪૭૪ • kutchvadalamm@gmail.com

ધનના ભંડાર ગમે તેટલા મોટા હોય પણ એમાંથી એક પાઈ પણ સાથે નથી આવવાની. એજ ધનને દાન સ્વરૂપે વાપરીશું તો તેનું પુણ્ય ભવોભવ સાથે આવશે. આવું પુણ્યનું ભાથું બાંધનાર સર્વે દાતા પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના...

૧૧,૦૦૦/- શ્રી શ્રીપાલનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર ટ્રસ્ટ, મલ્લબાર હિલ મુંબઈ
૧૧,૦૦૦/- ગામ વડાલાના શ્રીમતી પ્રભાવંતીબેન દામજી શામજી શેઠીયા ના પૌત્ર, શ્રીમતી સપનાબેન પરેશ દામજી શેઠીયાના સુપુત્ર, ચિ. અક્ષિત ના શુભલગ્ન ચિ. અંકિતા શ્રીમતી ઉષાબેન જગદમપ્રસાદ શર્મા ની સુપુત્રી સાથે તા.૯.૦૩.૨૬ સંપન્ન થયા ની ખુશાલી નિમિતે,શેઠીયા પરિવાર તરફથી.
૧૦,૦૦૦/- માતા સરસ્વતી ની કૃપાથી ચિ. સ્મીત દિલેશ માવજી સ્વરાજ ગાલા ના CA થયાની ખુશાલી નિમિત્તે.
૧૦,૦૦૦/- એક સદ્ગ્રહસ્થ.
૧૦,૦૦૦/- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ - માટુંગા.
૧૦,૦૦૦/- ગામ વડાલા માં શેઠીયા ફરિયામા શ્રી વિશલ માતાજી ને નમતા ભાવિકો રૂા.૫,૦૦૦/- કબુતર ના ચણ, રૂા.૫,૦૦૦/- કુતારા ને રોટલા.
૯,૦૫૭/- કચ્છ વડાલા માં તા.૧૨.૦૭.૨૫ થી તા.૧૭.૦૭.૨૫ ના જ્ઞાનસત્ર માં આવેલ ભાવિકો તરફથી.
૯,૦૦૦/- શ્રી ભરતભાઈ લાલજી માલશી છેડા પરિવાર.
૭,૫૦૦/- શ્રી સિરિયલ માતાજી ના જુવાર નિમિતે, હસ્તે : શ્રી કલ્પેશ હરિલાલ સાવલા તરફથી.
૫,૫૫૫/- શ્રીમતી પ્રફુલાબેન મુકેશ માવજી ગોગરી ના પુત્ર તુલ્ય જમાઈ શ્રી હર્ષેશભાઈ જ્યોત્સ્ના અરવિંદ શાહ હાલ USA સેલ્સ ફોર્સ સર્ટિફાઇડ ટેકનિકલ આર્કિટેક્ટ (સીટીએ) ની પરીક્ષા માં ઉતર્ણીય થવા બદલ.
૫,૫૫૫/- શ્રીમતી ગરિમાબેન મેહુલ ગાલા ની ઘરે પુત્ર જન્મ ની ખુશાલી નિમિતે, હસ્તેઃ શ્રીમતી પ્રવિણાબેન કીર્તિકુમાર કસ્તુરબેન વસનજી ગાલા.
૫,૫૫૫/- માતુશ્રી શાંતાબેન દામજી પદમશી ગાલા ના પોત્ર ચિ. હેત શ્રીમતી પૂજા પરેશ દામજી ગાલા ના સુપુત્ર એમ.એસ. ઇન કોમ્પ્યુટર સાયન્સ ની ઉચ્ચત્તમ ડિગ્રી મેળવવા બદલ પરિવાર તરફથી.
૫,૫૫૫/- ગામ મોટી ખાખરના શ્રીમતી ઉષા હિરલ રામજી ની સુપુત્રી ડૉ. મિરલ શ્રેણિક વિકમ અઠાઈ તપ ની આરાધના નિમિતે હસ્તે : શ્રી શ્રેણિક વિકમ તરફથી.
૫,૫૦૦/- શ્રી લધાપીર દાદાની પહેડી નિમિતે, હસ્તેઃ દેઢિયા ભાવિકો તરફથી તા.૧૨.૦૪.૨૫
૫,૧૦૦/- ગામ વડાલાના માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી ભાણજી છેડાની પૌત્રી શ્રીમતી હિના ધીરજ છેડાની સુપુત્રી, સ્મિતની બહેન, ગામ-મોખાના લીલાવંતી કેશવજી રાઘવજી લાપસીયાની દોહિત્રી, અ.સૌ. ફોરમ જેકબની (કેનેડા) ઘરે પુત્રીરત્નની ચિ.અથેના પધરામણી ની જન્મની ખુશાલી નિમિતે.
૫,૦૦૪/- શ્રીમતી રંજનબેન ચંદ્રકાંત ગાલા (શ્રી વિશલ માતાજી ના જુવાર નિમિતે).
૫,૦૦૦/- નવ નિદાન સ્થાનકવાસી જૈન વયાવચ્ચ વિશ્રામધામ, બોરીવલી.
૫,૦૦૦/- માતુશ્રી રાણબાઈ ખીમજી ગાલા, મધર્સ ડે નિમિતે, હસ્તે શ્રી વસનજી ખીમજી ગાલા.
૫,૦૦૦/- સ્વ. રેખાબેન અને શ્રીમતી હિરલબેન અનિલ ભાણજી સોની ની સુપુત્રી નિકી અને જય ના લગ્નના જુવાર નિમિતે.
૫,૦૦૦/- લક્ષ્મીચંદ લાલજી છેડા ના સ્મરણાર્થે, હસ્તે : ચંદ્રિકા લક્ષ્મીચંદ છેડા.
૫,૦૦૦/- શ્રી અંબે માતાજી ના જુવાર નિમિતે. માતુશ્રી પાનબાઈ લાલજી વિરજી છેડા ૨,૫૦૦/- તથા સ્વ. દિપકભાઈ ભારતીબેન મગનલાલ છેડા ૨,૫૦૦/- .
૫,૦૦૦/- શેઠ શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર, પાર્થના સમાજ, મુંબઈ.

(*2151)

૫,૦૦૦/- શ્રી સચ્ચા માતાજી ના જુવાર નિમિતે એક સદ્ગ્રહસ્થ તરફથી.
૫,૦૦૦/- એક સદ્ગ્રહસ્થ.
૫,૦૦૦/- એક સદ્ગ્રહસ્થ.
૫,૦૦૦/- શ્રી મલાડ જૈન સંઘ ના ભાઈઓ તથા બહેનો તરફથી.
૫,૦૦૦/- શ્રીમતી અમૃતબેન ચુનીલાલ છેડા ના સુપુત્ર જીતેશ ચુનીલાલ છેડા ના સિદ્ધિ તપ તથા અઠાઈ તપ ની આરાધના નિમિતે તથા સુપુત્રી પલ્લવી દિપેશ ગાલા (ગામ લાખાપર)ની અઠાઈ તપ ની આરાધના નિમિતે.
૫,૦૦૦/- એક સદ્ગ્રહસ્થ.
૫,૦૦૦/- શ્રી વિરલ હસમુખ વિરજી ગાલા (નવા ઘર માં ગૃહપ્રવેશ-વાસ્તુ) નિમિતે.
૫,૦૦૦/- શ્રી હંપી ભક્ત મંડળ તરફથી ધનદેવી માતાજી ની જન્મ શતાબ્દી નિમિતે હસ્તે : મહેન્દ્ર જેઠાલાલ શૈઠીયા.
૫,૦૦૦/- શ્રી વિલેપાર્લે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ અને ચેરિટીઝ.
૫,૦૦૦/- ચિ.લકી અનીતા દીપક ભાણજી (જખુ) ગાલા, નવા ઘરે ગૃહપ્રવેશ નિમિતે.
૫,૦૦૦/- એક સદ્ગ્રહસ્થ.
૨,૭૦૧/- એક સદ્ગ્રહસ્થ.
૨,૫૦૦/- શ્રીમતી અરૂણાબેન જયંત નાનજી ધરોડ, પુત્રવધુ શ્રીમતી લીના તથા પુત્ર જય ની અઠાઈતપ આરાધના નિમિતે.
૨,૫૦૦/- શ્રીમતી નીપાબેન કલ્યાણજી ઉમરશી ગોગરી ની સુપુત્રી નિધિ શાહ તથા રમણપ્રીત સીંગ તરફથી.
૨,૫૦૦/- માતુશ્રી રાણબાઈ ખીમજી ગાલા માતૃદિવસ નિમિતે, હસ્તે મંજુલાબેન વસંત કેનિયા, ગામ-બારોઈ.
૨,૫૦૦/- શ્રી કાંતિલાલ હેમરાજ ગાલા (ગામ મોખા).
૨,૫૦૦/- શ્રી વિશલ માતાજી ને નમતા ગામ વડાલા અને પ્રાગપુર ના ગાલા (રાગાણી) ભાવિકો ની પહેડી તથા ધજા નિમિતે.
૨,૫૦૦/- માતુશ્રી દમયંતીબેન દામજી ગાલા ની પૌત્રી તથા શ્રીમતી જીજ્ઞાબેન વિજય ગાલા ની પુત્રી કુ. જીલ ની CA ફાઈનલ માં પાસ થયા ની ખુશાલી નિમિતે.
૨,૫૦૦/- શ્રી પરેન મંજુલાબેન માવજી વેલજી ગાલા ના નવા ઘરના ગૃહપ્રવેશ નિમિતે હસ્તે : ચિ. મિતેન શીતલ પરેન ગાલા.
૨,૧૦૧/- શ્રીમતી નીતાબેન વિજય હેનિયા બારોઈ તથા નમ્ર વિજય હેણિયા બારોઈ. હસ્તેઃ ચંચલબેન રતનશી લાલજી નિસર, ગામ-વડાલા.
૨,૧૦૧/- શ્રી હેમંત મોરારજી કેશવજી વોરા હાલે જલગાંવ.
૨,૧૦૦/- એક સદ્ગ્રહસ્થ.
૨,૧૦૦/- શ્રી વિશલ માતાજીના જુવાર નિમિતે હસ્તે : કેતન કાનજી (બાબુભાઈ) ગાલા
૨,૧૦૦/- શ્રી ચકેશ્વરી માતાજીની જુવાર નિમિતે હસ્તે : શ્રીમતી નિર્મલાબેન અનુપ શેઠિયા.
૨,૦૦૦/- શ્રી બચુભાઈ પારેખ, ગોરેગાંવ.
૨,૦૦૦/- શ્રીમતી કિંજલ રિતેશ કટયાલ (ગામ બેરાજા).
૧,૧૦૦/- ચિ.ધ્રુવ રાઠોડ ની અઠાઈ તપની આરાધના નિમિતે હસ્તે : શ્રીમતી પ્રેમીલાબેન મહેન્દ્ર ગાલા તરફથી.
૧,૧૦૦/- શ્રીમતી નેત્રા પ્રિતેશ શાહ ના ૧૧ ઉપવાસ ની આરાધના નિમિતે, હસ્તે : શ્રીમતી પ્રેમીલાબેન મહેન્દ્ર ગાલા તરફથી.
૧,૧૦૦/- રચના રાઠોડ ના ૬ ઉપવાસ ની આરાધના નિમિતે, હસ્તે : શ્રીમતી પ્રેમીલાબેન મહેન્દ્ર ગાલા તરફથી.
૧,૧૦૦/- શ્રી ચકેશ્વરી માતાજીના જુવાર નિમિતે, હસ્તે : શ્રીમતી રમીલાબેન કાંતિલાલ શેઠિયા.
૧,૧૦૦/- શ્રીમતી રશ્મી અશોક નેમજી ગાલા.
૧,૦૦૦/- કુ.અક્ષયા કેતન દામજી શેઠીયા.

લિ. શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કારોબારી સભ્યો

Ketan Maru 9874887387

શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન સંચાલિત
શ્રીમતી મંજુલાબેન માવજી શેઠિયા પાંજરાપોળ

એડ્રેસ : રૂમ નં.૧૮, ૨-જે માળે, બાલાજી બિલ્ડીંગ નં.૨, માધવવાડી, કૈલાશ લસ્સીની સામે, એમ.એમ.જી.એસ.રોડ.
દાદર (ઈ), મું-૧૪. ફોન નં. : ૯૩૨૬૨૩૯૯૬૩, ૯૭૬૯૩૬૮૪૭૪ • kutchvadalamm@gmail.com

વાર્ષિક પ્રવૃતિઓ :

- પાંજરાપોળ
- શૈક્ષણીક સહાય
- દૂધ વિતરણ સબસીડી
- ડોકટરની વ્યવસ્થા(કચ્છ ખાતે)
- કુતરાના રોટલા
- મેડીકલ (સંજીવની) સહાય
- પશુઓ માટે લાપશી યોજના
- માનવરાહત
- પક્ષીઓને ચણ
- માનવરાહત કીટ અને ફ્રી ટીફીન (કચ્છ ખાતે)

રૂા.૩,૩૩,૩૩૩/- શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજનમાં તથા
રૂા.૨,૨૨,૨૨૨/- શ્રી કચ્છ વડાલા જૈન જાગૃતિ સેન્ટર
રૂા.૫,૫૫,૫૫૫/- બંને સંસ્થાઓમાં શ્રી રતીલાલ ગગુભાઈ દેઢિયા - એરીસ્ટો સ્ટીલ પરિવાર તરફથી મળેલ કુલ અનુદાન

શ્રી રતીલાલ ગગુભાઈ દેઢિયા - એરીસ્ટો સ્ટીલ પરિવાર

શ્રીમતી ભાવના રતીલાલ દેઢિયા, શ્રી દેવાંગ રતીલાલ દેઢિયા, અ.સૌ. જલ્પા દેવાંગ દેઢિયા,
શ્રી સ્મીત રતીલાલ દેઢિયા, પૌત્ર રિવાન દેવાંગ દેઢિયા

શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન તથા શ્રી કચ્છ વડાલા જૈન જાગૃતિ સેન્ટર
સમગ્ર પરિવારને અંતરથી અનુમોદના, આભાર સહિત ધન્યવાદ વ્યક્ત કરે છે.

સંસ્થાને નીચેના મહાનુભાવો દ્વારા અનુમોદનીય અનુદાન મળેલ છે.

૧,૧૧,૦૦૦/- એડ. શ્રી તલકશી રામજી ધરોડ, હસ્તે : શ્રીમતી કુસુમબેન એડ.તલકશી રામજી ધરોડ પરિવાર તરફથી.

૬૧,૦૦૦/- માતુશ્રી વિમળાબેન પ્રેમજી (પોપટલાલ) હીરજી ગાલા (ઈસરાણી) ના સ્મરણાર્થે,
હસ્તે : પૂજ્ય પ્રેમજી (પોપટલાલ) હીરજી ગાલા (હાલે કોલ્હાપુર) પરિવાર તરફથી
૫૧,૦૦૦/-(ફોટો યોજના), ૫,૦૦૦/- કબૂતર ને ચણ તથા ૫,૦૦૦/- કુતરા ને રોટલા.

૫૧,૦૦૦/- ગામ વડાલાના હીરજી નરશીના સુપુત્રી માતુશ્રી કસ્તુરબેન કલ્યાણજી વેલજી કેનિયાના સ્મરણાર્થે (ગામ મુન્દ્રા)
હસ્તે : શ્રી હરેઈ પદમશી કેનિયા તરફથી (ફોટો યોજના).

૫૧,૦૦૦/- પૌત્ર ધૈર્ય સંગે ખુશ્બુ અને પૌત્રી રિયા સંગે કેયુર ના શુભ લગ્ન તા.૦૯/૦૭/૨૫ પ્રસંગે,
હસ્તે : માતુશ્રી કમળાબેન રતિલાલ નાગડા (ગામ-મોથારા/હાલે- ફોર્ટ).

૫૧,૦૦૦/- શ્રીમતી અમૃતબેન અને શ્રીમાન ચુનીલાલ મોરારજી લાપસીયા,
હસ્તે : પુત્ર અને પુત્રવધુ શ્રીમતી ભારતી (જયશ્રી) પરેશ લાપસીયા તથા
પૌત્ર અને પૌત્રવધુ શ્રીમતી મિલોની મેહુલ લાપસીયા (ગામ-ગુંદાલા / હાલે-ઘાટકોપર).

૫૧,૦૦૦/- શ્રીમતી કાંચનબેન પ્રશાંતભાઈ મનહરલાલ નીસર પરિવાર તરફથી (ફોટો યોજના)

૫૧,૦૦૦/- ડૉ.અલ્પાબેન ભાવેશભાઈ અનિલ નીસર પરિવાર તરફથી (ફોટો યોજના)

૫૧,૦૦૦/- ડૉ.કાજલબેન વિપુલ હરિલાલ વેલજી નીસર (હૈદરાબાદ) પરિવાર તરફથી (ફોટો યોજના)

૧૫,૧૫૧/- ગામ વડાલા ના શ્રીમતી કેતકીબેન રાજેશ રાઘવજી ગાલા ના લાડકવાયા સુપુત્ર ચિ.પાર્થ ના શુભલગ્ન
ચિ.યક્ષા (ગામ નાનીતુંબડી ના શ્રીમતી જ્યોતિબેન કિશોર જેઠાલાલ સાવલા ની લાડકવાયી) સાથે
તા.૯.૧૨.૨૦૨૫ ના સંપન્ન થયાં એ ની ખુશાલી નિમિતે.

૧૫,૦૦૦/- શ્રી લધાપીર દાદા ની પહેડી (તા.૧૨.૦૪.૨૦૨૫) નિમિતે, હસ્તે : દેઢિયા ભાવિકો તરફથી.

(*2150)

Bank Account Details : **SHREE KUTCH VADALA MUMBAI MAHAJAN**
Axis Bank A/c No. 124010100221191
MICR Code : 400211017
IFSC Code : UTIB0000124
Branch : Dadar T,T,

સંસ્થાને આપેલ અનુદાન ૮૦જી હેઠળ કર રાહતને પાત્ર છે.

લિ. શ્રી કચ્છ વડાલા મુંબઈ મહાજન ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કારોબારી સભ્યો

Ketan Maru 9874887387

C. V. O. Chartered & Cost Accountants' Association

C/o 304, Jasmine Apartment, Dada Saheb Phalke Road, Dadar (East), Mumbai 400 014.
+91 91679 28622 info@cvoca.org www.cvoca.org

@cvocain CVOCA Association
@cvocain @cvocharteredcostaccountant9981
@cvoca CVOCA Association

તમારો ફોન 'સ્માર્ટ' છે, પણ શું તમે 'સુરક્ષિત' છો?

જ્ઞાન ગંગા – 36 | ડિજિટલ સારથી શ્રેણી - 4

1. ફોન લોક કરો

- **સ્ક્રીન લોક:** 6-અંકનો પિન અથવા ફિંગરપ્રિન્ટનો ઉપયોગ કરો. '123456' જેવા સરળ કોડનો ઉપયોગ નહિ karta.

ટિપ: સેટિંગ્સ - નોટિફિકેશન્સ - લોક સ્ક્રીન નોટિફિકેશન્સ પર જઈ "Hide Content" ઓન કરો. આ અજાણ્યા લોકોને તમારા OTP જોવાથી રોકે છે.

- **મારું ડીવાઈસ શોધો:** આ સેટિંગ્સ ને ઓન કરો જો ફોન ખોવાય તો તે શોધવામાં અથવા લોક કરવામાં મદદ કરે છે.
- **મજબૂત પાસવર્ડ:** લાંબો પાસવર્ડ (નામ + નંબર) વાપરો. દર 6 મહિને તેને બદલો.
- **ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશન (2FA):** WhatsApp અને ઇમેઇલ માટે આ ઓન કરો.

2. બિનજરૂરી ઍક્સેસ બંધ કરો

- **પરવાનગીઓ ચેક કરો:** ફ્લેશલાઇટ જેવી એપ્લિકેશનોને તમારા કોન્ટેક્ટ્સ અથવા લોકેશન ની જરૂર નથી. સેટિંગ્સમાં તેને ઑફ કરો.
- **ફક્ત સત્તાવાર એપ્લિકેશનો:** પ્લે સ્ટોર અથવા એપ સ્ટોર માંથીજ એપ્લિકેશનો ડાઉનલોડ કરો.
- **ચેતવણી:** SMS કે WhatsApp દ્વારા મોકલવામાં આવેલી લિંક્સ પર ક્યારેય "ઇન્સ્ટોલ કરો" પર ક્લિક કરશો નહીં. તે ઘણીવાર નકલી હોય છે.
- **જાહેરાતોનું ટ્રેકિંગ બંધ કરો:** Google સેટિંગ્સ > જાહેરાતો > જાહેરાત ID કાઢી નાખો ઓન કરો. આમ કરવાથી કંપનીઓને તમે જે કરો છો તેનું ટ્રેકિંગ કરવાથી રોકે છે.

3. સ્માર્ટ ડિફેન્સ (મહત્વપૂર્ણ ટિપ્સ)

- **સ્પામ કોલ્સ બંધ કરો:** સ્પામ સેલ્સ કોલ્સ રોકવા માટે ડુ નોટ ડિસ્ટર્બ (DND) ઓન કરો અથવા સ્પામ બ્લોકર એપ્લિકેશનનો ઉપયોગ કરો.
- **સ્ક્રીન શેરિંગ નહીં કરવું:** જો કોઈ કોલર તમને કહે તો ક્યારે પણ AnyDesk અથવા QuickSupport જેવી એપ્સ ડાઉનલોડ કરશો નહીં. તેઓ તમારા બેંકના પૈસા તરત જ ચોરી શકે છે.
- **સુરક્ષિત ચાર્જિંગ:** સ્ટેશન કે એરપોર્ટ પર તમારા ફોનને સીધા USB પોર્ટમાં પ્લગ કરશો નહીં. હેકર્સ આ રીતે ડેટા ચોરી શકે છે.
- **સિમ લોક:** તમારા સિમ કાર્ડ માટે પિન સેટ કરો. જો તમારો ફોન ચોરાઈ જાય, તો ચોર તમારા નંબરનો ઉપયોગ તમારી બેંક એકાઉન્ટ હેક કરવા માટે કરી શકશે નહીં.

4. વોટ્સએપ અને સોશિયલ મીડિયા

- **એકાઉન્ટ પ્રાઈવેટ રાખો:** તમારી પ્રોફાઇલને "પ્રાઈવેટ" પર સેટ કરો. ફક્ત મિત્રો જ તમારા ફોટા જોઈ શકે.
- **નિયમ:** ક્યારેય મુસાફરીની તારીખો અથવા નાણાકીય વિગતો જાહેરમાં પોસ્ટ કરશો નહીં.
- **WhatsApp સુરક્ષા:**
  - પ્રાઈવેટ ચેટ્સ લોક કરો.
  - અજાણ્યાઓથી તમારો પ્રોફાઇલ ફોટો છુપાવો.
  - ફોરવર્ડ કરશો નહીં: જો તમને 100% ખાતરી ન હોય કે સંદેશ સાચો છે, તો તેને બીજાને મોકલશો નહીં.

5. ઈમેલ અને ક્લાઉડ સુરક્ષા

- **ફિશિંગ ચેતવણી:** "એકાઉન્ટ બ્લોક થઈ ગયું છે" અથવા "તાત્કાલિક KYC અપડેટ કરો" લખેલા ઈમેલને અવગણો. બેંકો ક્યારેય ઈમેલ પર પાસવર્ડ માંગતી નથી.
- **મહત્વપૂર્ણ ફાઇલો સાચવો:** તમારા દસ્તાવેજો અને ફોટાનો બેકઅપ લેવા માટે Google ડ્રાઇવ અથવા iCloud નો ઉપયોગ કરો. જો તમારો ફોન તૂટી જાય, તો તમારા મહત્વપૂર્ણ કાગળો સુરક્ષિત રહે છે.

પોલીસ વિડીયો સ્કેમ (ડિજિટલ અરેસ્ટ)

- **જુઠ્ઠાણું:** "આ પોલીસ/સીબીઆઈ છે. તમને વીડિયો કોલ પર ધરપકડ કરવામાં આવે છે." તેવું જો કોઈ વિડિઓ કોલ પર કહે તો તે જુઠ્ઠાણું છે.
- **સત્ય:** પોલીસ તમને ક્યારેય વીડિયો કોલ પર ધરપકડ કરતી નથી.
- આંકડા: ગયા વર્ષે આ કૌભાંડોમાં ભારતીયોએ ₹2,100 કરોડથી વધુ ગુમાવ્યા હતા.
- **તમારે શું કરવું:** કોલ કાપી નાખો. ગભરાશો નહીં. રિપોર્ટ કરવા માટે 1930 ડાયલ કરો.

"ડિજિટલ જાગૃતિ તમને સશક્ત બનાવે છે અને તેની સમજદારી તમને સુરક્ષિત રાખે છે."
"डिजिटलीकरण से सुविधा, समजदारी से सुरक्षा"
- Team CVOCA

જાહેરાત સૌજન્ય
Ghalla Bhansali
Trust • Legacy • Wealth
Ghalla Bhansali Stock Brokers Pvt. Ltd.
(CLB-24747)
Khushi Chheda - 7045777588

શ્રી દેવજી સ્વામીની ગાદી અમર તપો શ્રી અજીતનાથાય નમઃ

શ્રી દેશલપુર (કંઠી) આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ તથા શ્રી અજીતનાથ દેરાવાસી જૈન સંઘ - દેશલપુર (કંઠી)

વ્હાલા ગામવાસી શ્રાવક/શ્રાવિકાઓ તેમ જ સકળ જૈન સંઘ જોગ

આપણા શ્રી સંઘમાં આઠકોટી મોટી પક્ષ જૈન સ્થાનકનું કામકાજ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યુ છે. તે સૌને વિદીત છે.
આપણે સૌ જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે મોટા સ્થાનકમાં લાભ લઈ પૂજય સાધુ સાધ્વીની સેવા તથા વૈયા વચ્છ અને ધર્મની દલાલીનો સુવર્ણ અવસર આવી ચુકયો છે.
આ નવનિર્માણ થઈ રહેલા સ્થાનક માટે આપના વડીલોની સ્મૃતિ અને ભાવિ પેઢી માટે એક ઈતિહાસ રચવા અને સુકૃત દ્વારા લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવાનો અવસર ચુકવા જેવો નથી.
શ્રી સંઘને આ પ્રમાણેની ઓફરો મળેલ છે

ચડાવો

- મુખ્ય પ્રવેશ દ્વાર રૂા.૩૧ લાખ (ઓફર આવેલ છે) - ૨ લાખ
- વ્યાખ્યાન હોલ રૂા.૨૧ લાખ (ઓફર આવેલ છે) - ૨ લાખ
- સ્વાધ્યાય કક્ષ : રૂા.૭ લાખ ૧૧ હજાર - ૧ લાખ
- ગોચરી કક્ષ રૂા.પાંચ લાખ ૫૫ હજાર (ઓફર આવેલ છે) - ૧ લાખ

જે શ્રાવકભાઈ/શ્રાવિકા બહેનો એ લાભ લેવાની ભાવના હોય તેમણે લેખિત અથવા વોટસએપ ઉપર જણાવવા વિનંતી.

જ્યાં સાધુ સાધ્વીજી ભગવંતોનો વાસ હોય...જ્યાં છ કાય જીવોની રક્ષા થાય...
જ્યાં સ્વાધ્યાય, નિર્જરા અને કાર્યત્સર્ગ થાય...જ્યાં વીર વાણીનું સતત વાંચન થાય...
(*2152) જ્યાં નવા ગ્રંથોનું સર્જન થાય...જ્યાં શ્રાવક/શ્રાવિકા પોષધ કરી વિરતી ધર્મની ભાવના ભાવે અણાહારી પદનું ઉર્પાજન એટલે ગોચરી કક્ષ સ્થાનકમાં બિરાજમાન પૂ.સાધુ/સાધ્વીજી ભગવંતો ગોચરી વાપરતા પણ અણહારી પદ અને તપોવૃધ્ધીની ભાવના ભાવે અને રસાસ્વાદનો ત્યાગ થાય એવા ગોચરી કક્ષ, સ્વાધ્યાય કક્ષ, વ્યાખ્યાન હોલ અને મુખ્ય નામમાં મહાપુણ્યોદયે મળેલ તકને સુવર્ણના અક્ષરે મઢવાનો એક મોકો લેવા જેવો છે

ભરત ચંદુલાલ મહેતા - 9820071212, હરીલાલ દેવજી છેડા - 9821246093

ફાઈનલ નિર્ણય સંઘની જનરલ મિટીંગમાં લેવામાં આવશે. આપના સાથ સહકારની અપેક્ષા

શ્રી દેશલપુર (કંઠી) આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ ટ્રસ્ટીઓ તથા સ્થાનક બાંધકામ સમિતિ

NEEL PARI - 9322299742

ચૈત્ર સુદ - ૧૨, રવિવાર, તા. ૨૯-૦૩-૨૦૨૬ | www.kutchipatrika.org ખબર પત્રિકા 19

શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ, સાંગલી

સંચાલિત સૌ. માલતીબેન પ્રેમજી મુરજી છાડુઆ કચ્છી જૈન ભવન

૧૮૧, રામ મંદિર કોર્નર, સાંગલી મિરજ રોડ, સાંગલી ૪૧૬ ૪૧૬. ફોન: ૦૨૩૩-૩૫૮૮૬૮૮

સાંગલી કચ્છી યુવા ફોરમ

સાંગલી કચ્છી યુથ બ્રિગેડ

આયોજિત

કચ્છી પ્રિમિયર લીગ

SEASON 9 | 14th & 15th March, 2026, Sangli

Winner of KPL 2026 - સાંગલી સ્મેશર્સ

કેપ્ટન: વિરેન મહેન્દ્ર ગડા, વાઇસ કેપ્ટન: ધવલ કિશોર દેઢિયા, પ્રતિક નિલેશ ગાલા, હિતેન દિલીપ ખોના, ઊર્મિલ મુકેશ સૈચ્યા, ધ્રુવ રૂપેશ માલદે, યશ સંજય હરિયા, કલ્પેશ કિરણ કુરીયા, મુલચંદ મગનલાલ છેડા, નમન મુલચંદ છેડા, મિતેષ ધનજી ભેદા, મેન્ટોર: નિલય લખમશી નાગડા

ટીમ ઓનર: શ્રી જેઠાલાલ પ્રેમજી છેડા (હાલાપર) પરિવાર

Runner-Up of KPL 2026 - પુના સ્ટ્રાઇકર્સ

કેપ્ટન: પ્રતિષ હસમુખલાલ ગડા, ચિંતન પ્રવિણ શાહ, કલ્પેશ કિર્તી ધરોડ, અપૂર્વ શાહ, કરણ ગડા, રાહીલ પ્રશાંત કેનિયા, કેતન નેમચંદ ગાલા, મયંક નિતીન ગંગર, સાહિલ સચિન કેનિયા, મયુર શામજી ગાલા, મેન્ટોર: કિરણ ચુનીલાલ ગાલા

(CLB-24832)

- સ્પર્ધામાં સહભાગી ટીમો -

સાંગલી સ્મેશર્સ • સાંગલી સ્ટ્રાઇકર્સ • પુના સ્ટ્રાઇકર્સ • પુના ફાલ્કન્સ
હુબલી હરિકેનેસ • સુપર સોલાપુરકર્સ • અલીબાગ KVO
કોલ્હાપુર રૉયલ વોરિયર • ગદગ કચ્છી સ્ટ્રાઇકર્સ

તારીખ 14 અને 15 માર્ચના શ્રી ગુજરાતી સેવા સમાજના એસ એન ડી ટી કોલેજ ગ્રાઉન્ડ ઉપર કે.પી.એલ. 9 સ્પર્ધા બહુ જ સુંદર રીતે પાર પડી. **સાંગલી સ્મશેર્સ** વિજેતા રહ્યું અને **પુના સ્ટ્રાઈકર** ઉપવિજેતા રહ્યું. સ્પર્ધા માટે આવેલ સર્વ ગામની ટીમોએ ખેલદિલીથી આ સ્પર્ધામાં ભાગ લીધો અને સ્પર્ધાને પાર પાડવામાં એમનું પણ યોગદાન રહ્યું હતું. આ સમગ્ર સ્પર્ધા સુંદર રીતે પાર પાડવા આપણા સમાજના યુવાનોની પાંખ **સાંગલી કચ્છી યુવા ફોરમ** તથા **સાંગલી કચ્છી યુથ બ્રિગેડ**ની મહેનત કાબિલેદાદ હતી.

Trophy & Prize Sponsor:
માતુશ્રી હેમલતાબેન હંસરાજ શિવજી ગડા, elleys ' પરિવાર, બાડા

: Flood Light Towers Sponsor :
શ્રી કલ્પેશ કિરણ કુરીયા, બિદડા, શ્રી રોનક જયંતિલાલ વિકમાણી, કોટડા રોહા

: T-shirt Sponsor : **પરિવાર ગ્રુપ**
હસ્તે શ્રી હરિશ વિસનજી લાલન, કોડાય

: Venue Sponsor :
શ્રી કૌશલ ઉત્તમ ખોના, કોઠારા

: Main Stage Sponsor :
ડૉ રાજેશ દેવજી ધરમશી, સુથરી

: Visitor's Gallery Sponsor :
શ્રી નવિન નરસી છેડા, સુથરી

: Player Dugout Sponsor :
શુભંકર કોલ્હાર, સાંગલી & પરેશ હસબનીસ, સાંગલી (TRE AUTO STUDIO)

: LED Screen Sponsor :
શ્રી રમેશ ત્રિકમજી શાહ, દલતુંગી (Sahayog Steel)

: Broadcasting Sponsor :
શ્રી પ્રવિણ રામજી લોડાયા, નાની ખાવડી
શ્રી રમેશ લીલાધર ગોસર, વીઢ

: Flood Light Towers Sponsor :
શ્રી કલ્પેશ કિરણ કુરીયા, બિદડા, શ્રી રોનક જયંતિલાલ વિકમાણી, કોટડા રોહા

પ. પૂ. પન્યાસ શ્રી જયભાનુશેખરવિજયજી મ. સા.ના માંગલિક શરૂઆત સાથે

શુભ આરંભ
કચ્છી પ્રિમિયર લીગ

કચ્છી પ્રીમિયર લીગ દરમ્યાન
એક રોમાંચક ક્ષણ

Player of the Series - KPL 2026
મિથ નિલેશ ગાલા, સાંગલી સ્ટ્રાઇકર્સ

Best Batsman - KPL 2026
યશ ધીરીશ ધરમશી, બિજાપુર

Best Bowler - KPL 2026
ધવલ કિશોર દેઢિયા અને
પ્રતિક નિલેશ ગાલા, સાંગલી સ્મેશર્સ

: Supporting Sponsors :

શ્રી જતિન છેડા, મુંબઈ, દેઢિયા | શ્રી દિવ્યેશ નરેન્દ્ર છેડા, શેરડી | શ્રી હિરેન ગિરિશ બોરિચા (શહા), કોડાય | છાયા ડ્રેસેસ, સાંગલી | શ્રી હાર્દિક લક્ષ્મીચંદ દેઢિયા, કોડાય પ્રતિક એન્ટરપ્રાઈઝેસ | શ્રી પંકજ મંગલભાઈ છેડા, શેરડી | શ્રી ટનેશ દામજી ગડા, શેરડી | શ્રી આદિત્ય મોનિત ભાટે, નાના રતડીયા | શ્રી લલિત કિશોર ગાલા, નવાવાસ

શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ, સાંગલી

અધ્યક્ષ
શ્રી સુંદરજી ખીમજી દેઢિયા, (કોડાય)

સેક્રેટરી
શ્રી ધીરજ સુંદરજી શહા (પાસડ), (શેરડી)

તથા સર્વે કારોબારીના જય જીનેંદ્ર

॥ શ્રી અજરામર ગુરૂવે નમઃ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી મંગળ-શ્યામ ધૈર્ય-સૌમ્ય ગુરૂભ્યો નમઃ॥

શ્રી ઘાટકોપર આગ્રા રોડ સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ

શ્રેયસ ટોકીઝની પાછળ, ગાર્ડન લેન, એલ.બી.એસ.માર્ગ, ગામદેવી રોડ, સંઘાણી એસ્ટેટ,ઘાટકોપર (પ)-૮૬. ફોન : ૨૫૦૦ ૨૦૨૭ મો. ૭૭૩૮૧૭૫૩૧૦

ગુરૂકુલવાસ
પ્રભુની આણ મારા પ્રાણ

શ્રી ઘાટકોપર સંઘાણી ના આંગણે આધ્યાત્મિક ગુરૂકુલવાસ

નિશ્રા

લીંબડી અજરામર સંપ્રદાયના બહુશ્રુત તપોધની પ.પૂ.શ્રી શામજી સ્વામી પરિવારના પ.પૂ.શ્રી ધૈર્ય ગુરૂદેવ ના આજીવન અંતેવાસી શાસન ગૌરવ ઉપાધ્યાય ભગવંત પ.પૂ.શ્રી ભવ્યમૂનિ.મ.સા.આદિ ઠાણા.....

લાભાર્થી પરિવાર

સ્વ.માતુશ્રી મણીબેન માવજી સ્વરૂપચંદ વોરા પરિવાર

(બાલાસર હાલે ઘાટકોપર)

- Date -	- Age -	ગુરૂકુલ વાસ વાટિકા
10th May 2026 To 22nd May 2026	12 To 32 (only for boys)	શ્રી આગ્રા રોડ જૈન શ્રાવક સંઘ - સંઘાણી, ૧૪ અરિહંત ભવન, ગાર્ડન લેન, ઘાટકોપર (વે) મુંબઈ -૪૦૦૦૮૫

કેવી હોય એ ? ગુરૂકુલવાસની આરાધના !
કેવી હોય એ ? ૧૧ દિવસની જીવનચર્યા !
કેવી હોય એ ? સંસાર થી Cut off ની અનુભૂતિ !
કેવી હોય અનુપમ એ ? એમાં ભાવોની પરિણીતીઓ !
જાણવાની ...!! માણવાની..!!! અનુભવવાની .!!!! જિજ્ઞાસા છે ને ?

IT'S NOT WORTH KNOWING..... IT'S BETTER EXPERIENCING READ THE RULES & TILL THE FORM

Scan to fill the form Code
Scan me!

Last Date Of Submission
20th April 2026

Note – 10th May 2026 ના અતરપારણાં રાખેલ છે. ત્યારે જ Registration અને કિટનુ વિતરણ થશે.
22nd May 2026 બપોરે ગૌતમ પ્રસાદ પછી પુર્ણાહૂતી થશે.....

(CLB-24807)

લિ.ઉજ્જવલ ચેરિટેબલ ટ્રસ્ટ

સંગઠન એ શક્તિ | જૈનમ્ જયતી શાસનમ્ | ચાલો સૌ થઈએ એક

મુન્દ્રા શહેર અને સમસ્ત તાલુકા જૈન સમાજ આયોજિત, જૈન સમાજ સેતુ

પ્રથમ ઐતિહાસિક સ્નેહ મિલન

શ્રી મુન્દ્રા શહેર, ગ્રામ્ય સાથે સમસ્ત તાલુકાના સ્થાનિક અને બહારગામ રહેતા જૈન પરિવારોના સ્નેહમિલનનું આયોજન

તારીખ : રવિવાર, ૫ એપ્રિલ ૨૦૨૬ • સાંજે ૫ વાગ્યે
સ્થળ : સુરભી ગાર્ડન, ઝીરો પોઈન્ટ, મુન્દ્રા

સાદર જય જિનેન્દ્ર,

આજે દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત છે, ગુજરાતનું ગ્રોથ એન્જિન કચ્છ અને સમગ્ર કચ્છમાં અગ્રેસર છે મુન્દ્રા...

વિકાસની કેડી એ પૂરપાટ દોડી રહેલ વિકસિત સમસ્ત મુન્દ્રા વિસ્તારમાં રહેતા આપણા જૈન પરિવારોનું એક સ્નેહમિલન, જૈન શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં, મુન્દ્રા મધ્યે યોજવામાં આવેલ છે. આપ સૌ મુન્દ્રા શહેર, ગ્રામ્ય વિસ્તારમાં હાલ રહેતા સૌ જૈન પરિવારો સહિત તથા બહારગામ રહેતા મુન્દ્રા વિસ્તારના સૌ જૈન પરિવારો આપણે સૌ સાથે મળીને મુન્દ્રા વિકાસની કેડીમાં સામેલ થઈએ.

- આ સ્નેહ મિલન સમારોહમાં તમામ સંપ્રદાયના જૈન પરિવારો ભાગ લઈ શકશે.
- જૈન સમાજની એકતા અને સંગઠન હેતુ આ સ્નેહ મિલન સમારોહનું આયોજન કરાવવામાં આવ્યું છે
- વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા જૈન સમાજના સૌ લોકોનો એકબીજા સાથે અરસપરસ પરિચય થશે.
- મુન્દ્રા વિસ્તારમાં વિવિધ જૈન મહાજનો વર્ષોથી અલગ અલગ રીતે આરોગ્ય, શૈક્ષણિક, જીવદયા સહિત વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. સૌ એકબીજા સાથે પોતાના અનુભવોનો વિચાર વિમર્શ કરી કંઇક વધુ જાણકારી મેળવી શકશે.
- રાજકીય, સામાજિક, વ્યવસાયિક ક્ષેત્રે સફળતા મેળવનાર જૈન શ્રેષ્ઠીઓનું સન્માન.
- આ અવસરના આયોજનના ઉદાર દિલ દાતાઓનું સન્માન.

એક છત્ર નીચે વિવિધ ક્ષેત્રના સૌ આગેવાનોના અનુભવો વર્તમાન અને આવનારી પેઢી માટે ઉપયોગી નીવડશે. આ ઐતિહાસિક જૈન એકતા સંમેલનમાં આપ સૌ તન, મન, ધનથી સહયોગી બનશો એ જ અપેક્ષા..

સુત્ર સંચાલન : શ્રી ધીરજભાઈ છેડા (એકલવીર), ડેપા ✦ ગીત-સંગીત : નીશાબેન સંઘવી અને સાથી કલાકારો

મુન્દ્રા શહેર

શ્રી ભુપેનભાઈ મહેતા	મો. ૯૮૨૫૨૧૪૫૯૯	શ્રી હિરેનભાઈ સાવલા	મો. ૯૯૭૯૭૯૭૪૬૭
શ્રી યશભાઈ ગાલા	મો. ૮૫૧૧૧૫૧૧૪૮	શ્રી કરણભાઈ મહેતા	મો. ૭૦૧૬૩૮૦૨૨૦

ગ્રામ્ય વિસ્તાર

શ્રી જયંતીભાઈ મામણીયા	મો.કપાયા	મો. ૯૯૭૯૧૬૮૪૯૬	શ્રી જીગરભાઈ છેડા	મો.કાંડાગરા	મો. ૯૯૭૮૨૨૦૦૦૨
શ્રી મુકેશભાઈ શેઠીયા	કારાઘોઘા	મો. ૯૮૭૯૫૭૬૮૭૪	શ્રી તુષારભાઈ વોરા	છસરા	મો. ૯૮૬૯૭૬૯૦૦૨
શ્રી ગીરીશભાઈ ગાલા	સમાઘોઘા	મો. ૯૯૨૫૩૧૪૨૨૮	શ્રી કિરણભાઈ ધરોડ	વાંકી	મો. ૯૯૨૦૬૨૭૫૨૧
શ્રી દિપકભાઈ ગાલા	વડાલા	મો. ૮૮૬૬૨૩૭૫૮૧	શ્રી પરીનભાઈ ગાલા	સાડાઉ	મો. ૯૮૭૯૭૬૭૬૨૨
શ્રી રાજેનભાઈ ગલીયા	લુણી	મો. ૯૯૭૮૦૫૫૦૪૯	શ્રી નવીનભાઈ દેઢિયા	ગેલડા	મો. ૯૯૦૯૫૧૬૬૨૦

મુંબઈ સમિતી

શ્રી ધીરજભાઈ છેડા (એકલવીર)	ડેપા	મો. ૯૮૨૧૦૪૫૯૬૧	શ્રી ભરતભાઈ ગોગરી	છસરા	મો. ૯૩૨૨૦૨૨૯૯૦
શ્રી અનિલભાઈ ગાલા	વડાલા	મો. ૯૮૨૦૨૩૩૬૯૯	શ્રી નિલેશભાઈ ધરોડ	વાંકી	મો. ૯૯૯૨૦૯૭૧૪૨

ખાસ નોંધ : ✦ દરેક ગામમાંથી સ્થાનિક કાર્યકર દ્વારા આવવા જવા માટે વાહનની વ્યવસ્થા છે ✦ સંમેલનમાં ચોવિહાર અને સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
✦ પ્રથમ જ વખત મુન્દ્રાના ઇતિહાસમાં જૈન સમાજનું આવું ઐતિહાસિક આયોજન હોઈ આપણે સૌ વધુને વધુ સંખ્યામાં ઉપસ્થિત રહીએ.

(CLNMB-24790)

લિ.. અમો છીએ આપના જ...

Ketan Maru 9874887387

CHHEDA
JEWELLERS
35% to 75%
off on making charges*
(CLC-24729)
1, TRINITY SQUARE, MONGHIBAI ROAD, VILE PARLE (E), MUMBAI 400057 · MONDAY CLOSED
9820 955 235

॥ શ્રી મુનિસુવ્રતસ્વામીને નમઃ ॥ ॥ શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ ॥ ॥ દેવાધિદેવ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથાય નમો નમઃ ॥
॥ શ્રી ગૌતમ-સુધર્મ-આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરુતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-રત્ન-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો નમઃ ॥

શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ અચલગચ્છ જૈન સંઘ - ભાયંદર (પૂર્વ)

માતુશ્રી પાનબાઈ રવજી જેઠણાંગ દેઢિયા પરિવાર (બિદડાવાલા) અચલગચ્છ જૈન ઉપાશ્રય
લક્ષ્મી પુજા બિલ્ડીંગ, કેબિન ક્રોસ રોડ, ભાયંદર (પૂર્વ)

અચલગચ્છાધિપતિ પદ પ્રદાનના પાવન સુધર્મા પાટોત્સવનો આ શુભ અવસરે,
પાંચ વર્ષ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશનો ગૌરવમય પ્રસંગ અપરંપાર...

સંઘકૌશલ્યાધાર, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ

શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી

મહારાજા ને સહસ્ત્ર વંદન



ગુરૂચરણોમાં અર્પીએ હૃદયભર્યું ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ...
આપના તપથી તેજસ્વી બને છે શાસન,
આપના જ્ઞાનથી ઉજ્જવલ બને છે જીવન,
આપના સંયમથી પ્રેરાય છે આત્મ માર્ગ,
દૂર થાય મોહ અને બંધન...
સંઘના હિત માટે આપનું માર્ગદર્શન સદા રહે કલ્યાણમય,
આપના આશીર્વાદથી જીવન બને શાંતિમય અને સુખદાયક...

પાંચ વર્ષનો આ ગૌરવયાત્રા રહ્યો પ્રેરણાદાયી અને દિવ્ય,
છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશથી વધે વધુ શાસનપ્રભાવના નિત્ય...
ભાયંદર પૂર્વ અચલગચ્છ સંઘ તરફથી અર્પીએ સ્નેહાંજલી અખંડ,
ગરૂકૃપાથી ધર્મવિજયનો ધ્વજ લહેરાય સદા અવિરત અને પ્રચંડ
નમામિ અચલગચ્છાધિપતિમ્... કલાપ્રભસાગરસૂરીશ્વરમ્...
નમામિ સૂરીશ્વરમ્... વંદે ગચ્છેશ્વરમ્...

ગુરૂ ભક્ત પરિવાર
મીરાબેન વલ્લભજી દેઢિયા (બિદડા)

(CLB-24816)

લિ. : શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ અચલગચ્છ જૈન સંઘ - ભાયંદર (પૂર્વ) વતી
ટ્રસ્ટી ચંદ્રકાંત ગડા (81046 65408)

BINITA S. MARU - 9869034162

happy 50 birthday

પ૦માં જન્મદિવસના વધામણા...

શ્રી સંજયભાઈ
લક્ષ્મીચંદ ગોસર

શેરડી-ઘાટકોપર

હો પુરી દિલ કી હર ખ્વાઈશ આપકી,
ઔર મિલે ખુશીયોં કા જહાં આપકો,
જબ માંગો આસમાં કા એક તારા
તો ઈશ્વર દે દે સારા આસમાં આપકો...

જન્મદિવસઃ 29-3-1976

